આજનો સુવિચાર

જે કપાઈ જાય તેને ઉંમર કહેવાય, જે જીવાય તેને જીવન કહેવાય

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪ જૂનાગઢ તા.૩૦-૧૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 14, Junagadh : Date : 30 December, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ધોરાજી નજીક ટ્રેન હડફેટે એક સાથે ત્રણ દિપડાનાં મોત : પ્રકૃતિપ્રેમીઓમાં અરેરાટી



ધોરાજી તા.૩૦

સિંહ-દિપડા સહિતના જંગલી પ્રાણીઓને ગીર જંગલ હવે ટુંકુ પડતું હોય તેમ શિકારની શોધમાં આ જંગલી પ્રાણીઓના માનવ વસાહતમાં આટાફેરા વધી રહ્યા છે. જંગલી પ્રાણીઓએ રાજકોટ સુધી સીમાડા સર કરી લીધા છે. જેમાં રાજકોટની ભાગોળે સીમ વિસ્તારમાં દેખા દીધેલો દિપડો હજુ પાંજરે પુરાયો નથી.

આ દરમ્યાન ગત રાત્રીના ધોરાજી નજીક ટ્રેન હડફેટે ત્રણ દિપડાના મોત નિપજયા છે. જેના પગલે જીવદયાપ્રેમીઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં આરએફઓ નિહારીકાબેન વ્યાસ સહિત જંગલ વિભાગના કર્મચારીઓએ બનાવ સ્થળે દોડી જઈ તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત સીલસીલાબંધ વિગતો મુજબ ગત રાત્રીના આઠ વાગ્યા બાદ ધોરાજીના ઉપલેટા રોડ પર ભાદરના પુલ નજીક રેલ્વે ટ્રક પર ટ્રેન હડફેટે ચડી જતા દિપડાના મોત થયેલ છે.

જેમાં એક દિપડો અને તેના બે બચ્ચાનો સમાવેશ થાય છે. દિપડાનો આ પરિવાર શિકારની શોધમાં ગીર જંગલમાંથી નિકળી ધોરાજી સુધી પહોંચી ગયો હતો. દરમિયાન રાત્રીના ટ્રેન હડફેટે ચડી જતા આ ઘટના બની હતી. જેની જાણ થતા જ આરએફઓ નિહારીકાબેન વ્યાસ, ફોરેસ્ટર સબનમબેન બ્લોચ, નરેશભાઈ સુણા, ઘનશ્યામભાઈ મેર યજ્ઞભાઈ રેવર ટ્રેક સહીતનો સ્ટાફ ઘટના સ્થળે દાડી જઈ પંચનામુ કરી ત્રણે દિપડા પરીવારની ડેડબોડી પીએમ માટે અને બાદ દિપડાના મૃતદેહના અધિકારીઓની હાજરીમાં અંતીમ સંસ્કાર કરાશે. આ બનાવની જાણ થતા જ ઘટના સ્થળે લોકો ઉમટી પડેલ હતા. અકસ્માતે મરણ ગયેલ દિપડાઓ અંગે જીવદયાપ્રેમીમાં ઘેરા શોકની લાગણીઓ વ્યાપી ગઈ છે.

## રામનગરી અયોધ્યામાં વડાપ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત : એરપોર્ટ, રેલ્વે સ્ટેશનનું ઉદ્‌ઘાટન

### તા. ૨૨ જાન્યુઆરીનાં યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે આજે ગ્રાન્ડ રીહર્સલ : વડાપ્રધાન મોદીનો ૮ કી.મી. લાંબો રોડ-શો યોજાયો



અયોધ્યા,તા.૩૦

અત્રે એરપોર્ટ અને રેલવે સ્ટેશનનાં વડાપ્રધાન મોદીના હસ્તે ઉદઘાટન અને રૂા.૧૫૭૦૦ કરોડની યોજનાઓના લોકાર્પણ પ્રસંગે રામનગરી અયોધ્યા મોદીમય બની ગઈ હતી. આજે વડાપ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત થયુ હતું.


વડાપ્રધાન મોદીના અયોધ્યા આગમનને પગલે એરપોર્ટથી અયોધ્યા ધામ સુધીનાં સમગ્ર માર્ગને ફૂલોથી સજાવવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદીના અયોધ્યામાં આગમન નિમિતે ધર્મપથ પર ૨૬ મંચો પર કલાકારોએ તેમની કલાની ભાવ પૂર્ણ રજુઆત કરી હતી. રામપથ, અરૂંધતી પાર્કીંગ, ટેઢી બજાર, પર યુપીની સંસ્કૃતિની ઝલક મળી હતી.

વડાપ્રધાન મોદીના રોડ શો સમયે અયોધ્યાના વૈભવ મિશ્ર દ્વારા શંખનાદ કરવામાં આવ્યો હતો તો કાશીથી આવેલા મોહીત ચૌરસીયાઓ ડમરૂ વાહન કર્યું હતું. મથુરાના લોકપ્રિય મયુર નૃત્ય પણ અનેક મંચો પર થયુ હતુ. મોદીના અયોધ્યાનાં આગમન અને રોડ શો સમયે અવધી લોકનૃત્યો પણ યોજાયા હતા.

મોદીનો મહર્ષિ વાલ્મીકી આંતર રાષ્ટ્રીય એરપોર્ટથી રેલવે સ્ટેશન સુધી ૮ કિલોમીટર લાંબો રોડ શો યોજાયો હતો. આ દરમ્યાન ૫૧ સ્થળોએ વડાપ્રધાન પર ફુલોનો વરસાદ થયો હતો અને જુદી જુદી ૧૨ જગ્યાએ સંતો-મહંતોએ પીએમનું સ્વાગત કર્યું હતું. આ રોડ શો દરમ્યાન સંસ્કૃત વિદ્યાલયોમાં ૫૦૦ છાત્રોએ વેદમંત્રોનું ઉચ્ચારણ કર્યું હતું. રોડ શો દરમ્યાન માર્ગો પર ઠેરઠેર મોદીનાં સ્વાગત કરતા પોસ્ટરો અને સંદેશા લાગ્યા હતા. રોડ શો દરમ્યાન સુરક્ષાનો સજજડ બંદોબસ્ત કરાયો હતો.

વડાપ્રધાન મોદીએ અયોધ્યા રેલવે સ્ટેશનનુ ઉદઘાટન કર્યું હતું અને નવી અમૃત ભારત ટ્રેન અને વંદે ભારત ટ્રેનને લીલીઝંડી દેખાડી હતી. વડાપ્રધાન મોદીએ એરપોર્ટનું ઉદઘાટન કર્યું હતું. ત્યારબાદ રાજયમાં ૧૫૭૦૦ કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનાં લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો.

## વૈષ્ણોદેવીમાં ૧૦ વર્ષનો રેકોર્ડ તુટયો : ૯૫ લાખ યાત્રાળુઓ આવ્યા



જમ્મુ તા.૩૦

અત્રે કટરા શહેરની ત્રિકુટા પહાડીઓમાં આવેલ વૈષ્ણોદેવીના પવિત્ર ગુફા મંદિરમાં આ વર્ષે ૯૫ લાખથી વધુ તીર્થયાત્રીઓનું આગમન થયુ હતું. જે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ છે. તીર્થયાત્રાનાં ઈતિહાસમાં સૌથી વધુ સંખ્યા ૨૦૧૨ માં હતી, ત્યારે ૧ કરોડ ૪ લાખ ૯ હજાર ૫૬૯ શ્રધ્ધાળુઓએ પવિત્ર મંદિરમાં દર્શન કર્યા હતા. ડિસેમ્બરની શરૂઆતમાં ઉપ મહાનિરિક્ષક (ડીઆઈજી)ઉધમપુર રિયાસી રેન્જ મોહમ્મદ સુલેમાન ચૌધરીએ યાત્રાની આધાર શિબીર કટરામાં માતા વૈષ્ણોદેવી તીર્થની સુરક્ષા સમીક્ષા અને પરિચાલન તૈયારીની બેઠકમાં ચર્ચા કરી હતી.

## ચાલુ વર્ષે ૮ કરોડ આઈટી રીટર્ન ભરાયા : નવો રેકોર્ડ

નવી દિલ્હી, તા.૩૦: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે એક નવો રેકોર્ડ પ્રસ્થાપિત થયો છે. આ વર્ષમાં કુલ ૮ કરોડથી વધુ આવકવેરા રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે.

આવકવેરા વિભાગે આ માહિતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરી હતી. જેમાં આઈટી વિભાગે જણાવ્યું હતું કે આ પહેલી વાર છે જ્યારે દેશમાં એક જ આકારણી વર્ષમાં ૮ કરોડથી વધુ આવકવેરા રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે.

આવકવેરા વિભાગે કહ્યું હતુ કે આ આવકવેરા વિભાગની એક મોટી સિદ્ધિ છે. આ પ્રથમ વખત છે જ્યારે વિભાગે આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આકારણી વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૭,૫૧,૬૦,૮૧૭ કરદાતાઓએ આવકવેરા રિટર્ન ફાઈલ કર્યા હતા.

## બબ્બર ખાલસાનાં વડા લખબીરસિંહને ભારતે આતંકવાદી જાહેર કર્યો



નવી દિલ્હી, તા.૩૦: બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના નેતા અને ગેંગસ્ટર લખબીર સિંહ લાંડાને ભારત સરકારે આતંકવાદી જાહેર કરી દીધો છે. ભારત સરકારે આ નિર્ણય ગેરકાનૂની પ્રવૃત્તિઓ કાયદા હેઠળ લીધો છે. લાંડા પંજાબના તરનતારન જિલ્લાનો રહેવાશી છે. તે હાલમાં કેનેડાના આલ્બર્ટાના એડમોન્ટન વિસ્તારમાં રહેતો હોવાની માહિતી છે.

ગૃહ મંત્રાલયે આ બાબતે એક નોટિફિકેશન બહાર પાડીને નિર્ણયની જાહેરાત કરી હતી. જેમાં જણાવ્યું હતું કે લખબીરસિંહ પાકિસ્તાનથી ભારતમાં દાણચોરી કરીને આવતા હથિયારો અને IED ઉપકરણો પર નજર રાખવાનું કામ કરે છે. તે ૯ મે, ૨૦૨૨ના રોજ પંજાબ પોલીસના ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટર પર રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ છે. પંજાબ પોલીસ અને NIAએ આ મામલે તેની વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. જો કે હાલ તે ફરાર છે અને કેનેડામાં છુપાયો છે. લખબીરસિંહ કેનેડામાં ખાલિસ્તાન તરફી તત્વો સાથે સંકળાયેલો છે.

## નવા વર્ષની ઉજવણી માટે દેશભરમાં ભારે ઉત્સાહ : ગોવા, રાજસ્થાન સહિતનાં પર્યટન સ્થળોએ ભારે ભીડ

### ગુજરાતમાં સાસણ, સોમનાથ, સાપુતારા, સ્ટેચ્યુઓફ યુનિટી ખાતે સહેલાણીઓનો ધસારો

નવી દિલ્હી તા. ૩૦

થર્ટીફર્સ્ટ... આ એક શબ્દ જ નવા વર્ષની ઉજવણીની રાત્રીએ દેશભરમાં રોમાંચ સર્જી ગયા છે અને વિદાય લેતું વર્ષ વીક એન્ડ એટલે કે તા.૩૦-૩૧ શનિ-રવિના દિવસે આવતુ હોવાથી ઉજવણીનો ઉત્સાહ અનેકગણો વધી ગયો છે. વર્ષ ઉજવવા દેશભરમાં સહેલાણી સ્થળો પર ભારે ભીડ છે. સામાન્ય કરતા પણ કાશ્મીર સહિતના ઠંડી ઓછી હોવા છતાં હિમાલયન સ્થળોથી છેક રાજસ્થાનના રણ અને કેરળના રીસોર્ટથી ગોવાના બીચ સુધી લાખો લોકો નવું વર્ષ મનાવવા પહોંચી ગયા છે તો દેશના મેટ્રોથી મહાનગરોમાં આજ રાત્રીથીજ પાર્ટીઓનો માહોલ શરૂ થઈ ગયો છે તથા હોટેલોથી રીસોર્ટ સુધી તથા ફાર્મહાઉસથી ટેરેસ સુધી ઉજવણીના આયોજન પણ શરૂ થયા છે. દેશમાં હવે ટ્રાવેલ કલ્ચર વધી ગયુ છે અને તેથી હોટેલોને પણ નવા વર્ષની ઉજવણીનો જબરો તડાકો પડી રહ્યો છે તો દિપાવલીમાં જેમ કોરોના કાળ બાદની સુપર હિટ તહેવારોની ઉજવણી થઈ તેવીજ ઉજવણી આજે અને આવતીકાલે થશે.

ગોવામાં દિવથી લઈને સાસણના જંગલો અને સોમનાથ, દ્વારીકા ઉપરાંત સાપુતારા, સ્ટેચ્યુ ઓફ યુનીટી અને અન્ય સ્થળો પણ સહેલાણી પહોંચી ગયા છે. નવા વર્ષની ઉજવણીમાં આ વર્ષે ગોવા કરતા રાજસ્થાનમાં સૌથી વધુ સહેલાણી પહોંચ્યા હોવાનો અંદાજ છે અને ગુજરાતમાં જે શોખીનો સ્થાનિક સ્તરે પોતાની 'ખાસ' ઉજવણીનો આનંદ માણી શકતા નથી તેમાં પાડોશી મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી પહોંચી ગયા છે. જો કે આ વર્ષે કોરોનાની થોડી ચિંતા છે પણ નવા વર્ષની ઉજવણીમાં તે ચિંતા ભુલાઈ ગઈ છે.

## ગાઝામાં નરસંહાર સબબ દક્ષિણ આફ્રિકાએ ઈઝરાયેલ સામે ઈન્ટરનેશનલ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી

કેપટાઉન તા. ૩૦

દક્ષિણ આફ્રિકાએ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં કેસ દાખલ કર્યો છે જેમાં આરોપ છે કે ઈઝરાયેલ ગાઝામાં 'નરસંહારના કૃત્યો'માં સામેલ છે.

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસે ઈઝરાયેલની જવાબદારીઓના કથિત ઉલ્લંઘન સાથે સંબંધિત કેસ દાખલ કરવાની પુષ્ટિ કરી છે.

જોકે, ઈઝરાયલે આ આરોપને 'પાયાવિહોણા' ગણાવીને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યા છે. ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ઈઝરાયેલ દક્ષિણ આફ્રિકા દ્વારા લગાવવામાં આવેલા આરોપને નકારી કાઢે છે.

ધ હેગ, નેધરલેન્ડમાં સંયુક્ત રાષ્ટ્રની મુખ્ય કાનૂની સંસ્થા આવેલ છે. તે વિવિધ દેશો વચ્ચેના વિવાદોનું સમાધાન કરે છે અને આંતરરાષ્ટ્રીય કાનૂની મુદ્દાઓ પર સલાહ આપે છે.

અપીલ દાખલ કર્યા પછી, દક્ષિણ આફ્રિકાએ એક નિવેદનમાં કહ્યું કે તેનો દેશ નરસંહાર થતો અટકાવવા માટે બંધાયેલો છે. નિવેદન અનુસાર, "દક્ષિણ આફ્રિકા ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલા અને ત્યાંથી તેના રહેવાસીઓને બળજબરીથી હટાવવાના કારણે નાગરિકોની દુર્દશાથી ખૂબ જ ચિંતિત છે."

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912




જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના પુર્વ પ્રમુખ ભીખુભાઈ જોષીના પત્ની મુકતાબેનનું અવસાન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

મુળ બિલખા હાલ પ્લાસવા નિવાસી મુકતાબેન ભીખુભાઈ જોષી(ઉ.વ.૮૦) તે ભીખુભાઈ એચ. જોષી(રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના પુર્વ પ્રમુખ)ના ધર્મપત્ની અને સ્વ. લાભુબેન મહેતાના ભાભી તથા જેન્તીભાઈ જોષી અને કાન્તીભાઈ જોષીના ભાભી તેમજ શોભનાબેન કિશોરભાઈ સંયાગોરના માતુશ્રી તથા વિપુલભાઈ અને ભાવેશભાઈના ભાભુનું તા.૩૦ને શનીવારના રોજે અવસાન થયેલ છે. સદગતની અંતિમ યાત્રા આજે સવારે ૧૦ કલાકે પ્લાસવા મોદીનગર ખાતે નીકળી હતી. જેમાં રાજગોર સમાજના તેમજ અન્ય સમાજના આગેવાનો જોડાય અને મુકતાબેનના પાર્થિવદેહને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

## સોમનાથ મહાદેવ મંદિરે સંતના પધરામણા : બાર જ્યોર્તિલીંગ, ચારધામ સાક્ષાત દંડવત સાથેની કરે છે યાત્રા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે મધ્યપ્રદેશ મૈહર આશ્રમના પથિક મુની ગુરૂ ઠાકુરદાસજી મહારાજે સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી આત્મકલ્યાણ અને જન કલ્યાણ અર્થે તેઓએ દ્રઢ સંકલ્પ કર્યો છે કે, ભારતના બાર જયોર્તિલીંગ અને ચાર ધામ દંડવત કરતા-કરતા યાત્રા કરવી. જેના અનુસંધાને તેઓ અત્રે આવ્યા હતા જ્યાં તેઓનું ક્ષત્રિય સમાજ અગ્રણી મહેન્દ્રસિંહ વાળા અને કેતનસિંહ વાળાએ સન્માન કરી આર્શીવાદ લીધા.



સંત પથિક મુનીએ ઉપલેટા પાસે આવેલ ઢાંકના ડુંગરેશ્વર મહાદેવ મંદિરથી તા.૨૮-૧૦-૨૦૨૩ના રોજથી યાત્રા શરૂ કરી છે. ૯૫૦૦ કિમીની આ યાત્રા અંદાજે બારથી પંદર વર્ષે કેદારનાથ ખાતે પુરી થશે. અહીથી તેઓએ દ્વારકા તરફ પ્રસ્થાન કર્યુ છે.

## માંગરોળ ખાતે દિવ્યાંગ પ્રમાણપત્ર કેમ્પનું આયોજન, ૯૩ જેટલા દિવ્યાંગોને પ્રમાણપત્ર અપાયા

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ સરકારી હોસ્પિટલમાં જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલના સ્ટાફ દ્વારા દિવ્યાંગ સર્ટીફિકેટ મેળવવા આરોગ્ય ચકાસણી માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કેમ્પમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો, જેમાંથી ૯૩ લાભાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. જેઓ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકશે. આ કેમ્પનું આયોજન જિલ્લા કલેકટર સહિતની કમિટીની સૂચનાથી, જનરલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ, જનરલ હોસ્પિટલ આર એમ ઓ ના માર્ગદર્શન હેઠળ , દિવ્યાંગ લોકોને જિલ્લા કક્ષાએ ધક્કા ના ખાવા પડે તે માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જનરલ હોસ્પિટલના ટિમ લીડર તરીકે સાગર સોલંકી, ડો જેનિલ જાગાણી, ડો દેવાંગી પટેલ,ડો અંકિત ઉમરેલીયા, હેમેન્દ્ર પરમાર, ઉત્તમ ખાણીયા, મનીષા પોપટ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા ડ્રન્ક એન્ડ ડ્રાઈવ સામે કડક



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩૦

આજરોજ ૩૧જં December ડ્રંક એન્ડ ડ્રાઈવ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના એસપી નિતેશ પાંડેયની સુચના મુજબ તેમજ ના.પો. અધિક્ષક હાર્દિક પ્રજાપતિ ખંભાળિયા વિભાગના સુપરવિઝન હેઠળ જીલ્લા ટ્રાફિક શાખાના પો.સબ.ઈન્સ. એન.ડી.કલોતરા સાહેબ તથા ટ્રાફિક પોલીસ સ્ટાફ દ્વારા દ્વારકા શહેરમાં વાહન ચેકીંગ દરમ્યાન બે ડ્રંક એન્ડ ડ્રાઈવ તથા એક કેફી પીણું પીધેલ એમ ત્રણ ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશન તથા એમ.વી.એકટ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ તેમજ એમ.વી.એકટ મુજબ ટ્રાફિક નિયમ ભંગ કરતા ૩૯ ઈસમો ને ૧૯૫૦૦/- દંડ ફટકારેલ તેમજ ફાઈર સાયલેન્સર ,હેડ લાઈટમા LED પ્રોજેક્ટર ફીટ કરેલ વાહન ડિટેન કરવામાં આવેલ છે.

# દ્વારકામાં પોલીસની બોલેરો ચોરી પ્રકરણમાં જવાબદાર મનાતા બે કર્મીઓ સસ્પેન્ડ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

દ્વારકામાં ચકચારી એવા પોલીસની બોલેરો જીપ ચોરી પ્રકરણમાં જવાબદાર મનાતા બે ચાલકોને જિલ્લા પોલીસ વડાએ સસ્પેન્ડ કરતો હુકમ કર્યો છે.

આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ દ્વારકા પોલીસ મથકના પી.એસ.આઈ. બુધવારે નાઈટ રાઉન્ડની ફરજ બજાવી અને સવારના ૫ વાગ્યે ઘરે ગયા હતા અને તેમની સરકારી બોલેરો જીપને દ્વારકા પોલીસ મથકે રાખવામાં આવી હતી. આ જીપના ચાલક દ્વારા બેદરકારી દાખવી અને જીપની ચાવી આ જ વાહનમાં રાખી ડ્યુટી પૂર્ણ થયા બાદ ચાલ્યા ગયા હતા. આટલું જ નહીં, તેમની જગ્યાએ ફરજ પર આવેલા બીજા ચાલકે પણ જીપની ચાવી સમયસર પોતાના કબજામાં લેવાની દરકાર કરી ન હતી.

આ વચ્ચે સવારે ૮:૧૫ વાગ્યે ગાંધીધામનો મોહિત અશોક શર્મા નામનો શખ્સ વાહનમાં ચાવી પડી હોવાથી ચોરી કરીને લઈ ગયો હતો. જે દ્વારકા નજીકના કુરંગા તેમજ ખંભાળિયા નજીકના ટોલનાકે સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. ત્યારબાદ આ શખ્સ જામનગર એલસીબી તથા દેવભૂમિ દ્વારકા એસઓજી પોલીસે સંયુક્ત ઓપરેશનમાં તેને ઝડપી પાડ્યો હતો. આ શખ્સ સામે ગાંધીધામ પોલીસ મથકમાં પણ અગાઉ ગુના નોંધાઈ ચૂક્યા છે. આટલું જ નહીં, આરોપી મોહિત શર્મા ઉપરોક્ત પોલીસની બોલેરો જીપ ચોરીને અન્ય શખ્સને વેચી નાખવા માટે લઈ ગયો હોવાનું પણ પ્રાથમિક રીતે જાહેર થયું છે. આ શખ્સની રિમાન્ડ સહિતની કાર્યવાહી પણ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ બોલેરો જીપને સાચવવાની ફરજમાં બેદરકારી રાખવા સબબ દ્વારકા પોલીસ મથકના ડ્રાઈવર રાજુભાઈ જે. ઓળકીયા અને કાળુભાઈ એમ. મોઢવાડિયાને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયએ સસ્પેન્ડ કરી દીધા છે.

# ખંભાળિયા નગરપાલિકાની સોમવારે કારોબારી બેઠક હેરિટેજ તેમજ સ્મશાન અંગેના મહત્વના ઠરાવ એજન્ડામાં

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

ખંભાળિયા નગરપાલિકાની કારોબારી કમિટીની બેઠક આગામી સોમવાર તારીખ ૧ જાન્યુઆરીના રોજ નગરપાલિકાના કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી છે.

આ કારોબારી બેઠકમાં ખંભાળિયા શહેરમાં હાથ ધરવામાં આવેલા હેરિટેજના કામમાં નળતરરૂપ એવા પોર ગેઈટ પાસેના પાલિકા સંચાલિત કોમ્યુનિટી હોલનો રવેશ દૂર કરવા, નગરપાલિકા સંચાલિત ઈલેક્ટ્રીક સ્મશાનના ભઠ્ઠીના સંચાલન અંગે, જુદી જુદી ગ્રાન્ટો હેઠળના ચાલુ કામોમાં કોન્ટ્રાક્ટરોને મુદત વધારવા ખામનાથ પુલ પાસે આવેલા જકાત નાકાને થયેલા નુકસાન બાબત ઉપરાંત જુદા જુદા કામોના ટેન્ડરો સહિતના મુદ્દાઓ આ એજન્ડામાં લેવામાં આવ્યા છે.

# શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ ટીંબાવાડી-મધુરમ દ્વારા જૂનાગઢ ખાતે ૧૩ માં સમૂહ લગ્નનું ભવ્ય આયોજન

જૂનાગઢ તા. ૩૦

શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ ટીંબાવાડી-મધુરમના પ્રમુખ શ્રી પ્રદીપભાઈ ટાંકની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, શ્રી શ્રીબાઈ માતાજીની અસીમ કૃપાથી શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ જૂનાગઢ પ્રેરિત આગામી તારીખઃ- ૨૯/૦૨/૨૪ ને ગુરૂવારના રોજ માત્ર શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજના દીકરા-દીકરીઓ માટે જૂનાગઢ ખાતે ભવ્યથી અતિ ભવ્ય સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલું છે.

આ સમૂહલગ્ન ઉત્સવમાં જોડાવા ઈચ્છતા નવદંપતીઓના વાલીઓને હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે. અને આ સમૂહલગ્નોત્સમા રજિસ્ટ્રેશન માટે આગામી તારીખઃ- ૦૪/૦૧/૨૪ ના રોજ સવારે, ૦૯:૦૦ કલાકે શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ ટીંબાવાડી-મધુરમ સમાજ જૂનાગઢ ખાતે નોંધણી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. સાથે જરૂરી ડોક્યુમેન્ટો જેવા કે, (વર-કન્યાના જન્મના દાખલા, બક્ષીપંચ (જાતિ)નો દાખલા, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, અને બંનેના આઠ - આઠ પાસપોર્ટ સાઈઝના ફોટા,) બંને પક્ષના સાક્ષીના બબ્બે વ્યક્તિઓના આધાર કાર્ડની ઝેરોક્ષ, કન્યા પક્ષના વાલીનો આવકનો દાખલો. આ બધા ડોક્યુમેન્ટની (ખરી નકલ) ટ્રુ કોપી કરીને લઈને આવવાના રહેશે. જેની ખાસ નોંધ લેવી. આ અંગેની વિશેષ માહિતી માટે પ્રદીપભાઈ ટાંક ૯૫૭૪૧ ૦૭૨૨૬, નાથાભાઈ લાડવા ૯૮૨૫૬ ૯૫૪૮૯, સંજયભાઈ બુહેચા ૯૮૨૪૨ ૯૦૪૮૩, ભાવેશભાઈ ટાંક ૯૮૨૪૨ ૦૨૮૪૦ રવિભાઈ ભરડવા ૮૮૬૬૦૫૯૮૫૭નો સંપર્ક કરવા યાદીના અંતે જણાવેલ છે.

# આગામી ૧૫ દિવસમાં જ રાજ્યમાં વર્ગ ૩ના કર્મચારીઓની ભરતી કરાશે

**હેડકલાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત વિવિધ ૨૧ સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો**

ગાંધીનગર, તા.૩૦

નવા વર્ષની શુભ શરૂઆત પહેલા જ ગુજરાતમાં ભરતીને લઈ મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. મળતી માહિતી અનુસાર, રાજ્યમાં આગામી ૧૫ દિવસમાં જ વર્ગ ૩ની ૫ હજાર જગ્યાઓ ભરવા માટે ભરતી બહાર પડાશે. વર્ગ ૩ના ૫ હજાર કર્મચારીની રાજ્યમાં ભરતી કરાશે. આ અંગે ઉત્તરાયણ પહેલાં જ ગુડ ન્યુઝ મળશે. ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલ દ્વારા આ અંગેનું એલાન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બીજી બાજુ વર્ગ ૩ની ભરતી માટે સરકારે નિયમોમાં પણ કેટલાંક ફેરફાર કર્યા છે. જેમ કે, હવેથી જૂનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે. વધુમાં હેડકલાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત વિવિધ ૨૧ સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અંગે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સત્તાવાર રીતે નોટિફિકેશન બહાર પાડી જણાવવામાં આવ્યું છે.

અત્રે નોંધનીય છે કે એમસીકયુ પધ્ધતિથી જો પરીક્ષા લેવામાં આવે તો ઉમેદવારોનો ઘણો સમય બચી શકે છે. પરંતુ માઈનસ પધ્ધતિથી એમસીકયુની પરીક્ષા લેવામાં આવશે તો ઘણા ખરા ઉમેદવારો મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે. કારણ કે લગભગ ઉમેદવારો પોતાનાં જવાબ માટે ચોકકસ હોતા નથી અને બેધડત જવાબ આપી દેતા હોવાથી તેમની મુશ્કેલી વધશે.

# સૌરાષ્ટ્રમાં ઘરફોડ ચોરીના રીઢા ગુનેગારોની ટોળકી ઝડપાઇ

**આ લોકો દિવસ દરમ્યાન વાળ ખરીદવાનાં બહાને નીકળતા અને બંધ મકાનને ટાર્ગેટ બનાવતા હતા**

જામનગર, તા.૩૦

જામનગર સહીત સૌરાષ્ટ્રમાં ઘરફોડ ચોરીનો તરખાટ મચાવનાર રીઢા ગુનેગારોની ટોળકીનાં ત્રણ સભ્યોને જામનગરની એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે અને તેમની પાસેથી અડધા લાખની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. જામનગર જિલ્લાના લાલપુર, કાલાવડ અને તાલુકાના બે ગામ સહિત જામનગર જિલ્લાની ચાર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડની એક મળી કુલ પાંચ ઘરફોડ ચોરીનો ગુનાંના આરોપીઓ ફરાર હતા. જેને શોધી કાઢવા માટે પોલીસ દ્વારા તપાસ ચલાવાઈ રહી હતી દરમ્યાન જામનગર એલસીબીને બાતમી મળી હતી, કે રીઢા ગુનેગારોની તસ્કર ગેંગનાં ત્રણ સભ્યો જામનગર નજીક દરેડ ગામ વિસ્તારમાં છે. આથી એલ.સી.બી.ની પોલીસ ટુકડી દોડી ગઈ હતી, અને ભરત ગંભીરભાઈ પરમાર, રણજીત ઉર્ફે બાડીયો રામજીભાઈ પરમાર, અને અર્જુન ભગવાનભાઈ ઉર્ફે ભગાભાઈ વાઘેલાને ઝડપી પાડ્યા હતા.

આ ત્રણેય આરોપીઓના કબજામાંથી રૂપિયા ૫૦,૫૦૦ ની રોકડ રકમ, ત્રણ નંગ મોબાઈલ અને એક બાઈક તથા ચક્રી પાનું અને ડીસમિસ વગેરે કબ્જે લેવામાં આવ્યા હતા. આરોપીની પોલીસ પૂછપરછમાં આ શખ્સો સૌરાષ્ટ્રભરમાં ચોરી કરવા માટે અગાઉ પકડાઈ ચૂક્યા છે. અને તેઓ દિવસના મહિલાઓનાં તૂટેલા વાળ ખરીદવા માટે ફેરી કરતા હતા અને બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરતા હતા. આરોપી ભરત પરમાર સામે અગાઉ ૧૫ ગુના તથા રણજીત પરમાર સામે અગાઉ ૨૧ ગુના ઘરફોડ ચોરીના નોંધાઈ ચૂક્યા છે. જેમાં જામનગર ઉપરાંત ભાવનગર, રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર, બોટાદ વગેરે જિલ્લાની ઘરફોડ ચોરીનાં બનાવનો સમાવેશ થાય છે. જ્યારે આરોપીની વધુ પુછપરછમા આ ગેંગનો એક સભ્ય નરેશ મગન કારડીયા છે જે ફરાર હોય પોલીસ તેને શોધી રહી છે.

## ખેડૂતોએ ડુંગળીની અંતિમયાત્રા કાઢીને અનોખો વિરોધ નોંધાવ્યો

ભાવનગર, તા.૩૦

ભાવનગરના ઘોઘા તાલુકાના નેસવડ, મામસા, ઉખલા ગામના ખેડૂતોએ ડુંગળીની અંતિમયાત્રા કાઢીને અનોખો વિરોધ નોંધાવ્યો છે. તો બીજી તરફ મહુવા અને ભાવનગર યાર્ડમાં ડુંગળીની નિકાસબંધીની સીધી અસર જોવા મળી રહી છે. નિકાસબંધીથી ડુંગળીના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે અચાનક જ ડુંગળીની નિકાસ બંધ કરતા ખેડૂતોને ડુંગળીના સારા ભાવ મળવાનું તો દૂર ખોટ ખાવાનો વારો આવ્યો છે. ખેડૂતો છેલ્લા ૨૦ દિવસથી સરકારના નિકાસબંધીના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. છતાં સરકારે નિકાસબંધી હટાવવાને લઈને હજુ કોઈ નિર્ણય લીધો નથી. ત્યારે ભાવનગરના ખેડૂતોએ અનોખો વિરોધ નોંધાવ્યો છે.

## જૂનાગઢમાં વરલી મટકાના જુગાર અંગે એકની અટક

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં કાળવા ચોક નજીક જાહેરમાં વરલી મટકાના જુગાર અંગે એકની ધરપકડ કરવામાં આવી છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ જેઠાભાઈ નાથાભાઈએ જાતે ફરિયાદી બની અને ઈશ્વરભાઈ જગજીવનભાઈ પંડયા (ઉ.વ.૭૦) રહે.ઝાંઝરડા રોડ, સુબોધનગર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ જાહેરમાં વરલી મટકાના આંક ફરકના આંકડા લખી પૈસાની હારજીત કરી વરલી મટાકાનો જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરતા રૂા.૩૨૯૦ના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરી અને જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર • જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પંચહાટડી ચોક માંગનાથ રોડમાં ૧૪૦૦ સ્કવેર ફુટ જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક-માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શો રૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કવેર ફુટ વેંચવાની છે
: કોન્ટેક :
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦૨૫૧૨૩

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# ગિરનાર પર્વતમાળાને પ્લાસ્ટીક મુકત બનાવવા વહીવટીતંત્ર દ્વારા અનોખી પહેલ






## ૧૨૦ દુકાનદારોને ૬૦૦ જેટલા વોટરજગ અર્પણ કરાયા

જૂનાગઢ તા.૨૯

સ્વચ્છતાને અંગ્રેજીમાં હાઈજીન કહેવામાં આવે છે, સ્વચ્છતાનો ખ્યાલ વ્યક્તિગત અને વ્યવસાયિક દેખરેખની આદતો પણ મોટા ભાગે જીવનપ્રણાલી સાથે જોડાયેલી છે. સ્વચ્છતાની આદતોએ તબીબી વિજ્ઞાનમાં તેમજ ઘર (પ્રાદેશિક) અને જીવનની રોજિંદી પ્રક્રિયાઓમાં રોગોનો ફેલાવો અને તેની અસર ઘટાડવાના પ્રતિબંધક માપદંડો તરીકે છે.ત્યારે જન આરોગ્યની ખેવના થાય અને ગીરનાર સ્વચ્છ તથા પ્લાસ્ટીક મુકત બને તે દીશામાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાનાં માર્ગદર્શન અને સાંસદ સદસ્યશ્રી રાજેશ ચુડાસમા, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાના યોગદાન તેમજ ઉષાબ્રેકો કંપની, સવાણીગ્રુપનાં સહયોગથી ગિરનાર પર્વત પર ૧૨૦ જેટલા દુકાનધારકોને પ્રત્યેકને પાંચ વોટરજગ મળી રહે તે રીતે ૬૦૦ વોટરજગ આજે ભવનાથ બોરદેવી ચેકનાકા પાસે આયોજીત કાર્યક્રમમાં વિતરીત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પ્રાસંગિક વકતવ્ય આપતા જણાવ્યુ કે, ગિરનારએ ગુજરાતનું ગૌરવપ્રદ યાત્રા સ્થળ છે. તેની સ્વચ્છતા એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. આજથી ગિરનાર પર્વત પર પાણીની બોટલો ન લઈ જતા તેને બદલે વોટર જગથી પાણી વિતરણ માટે સુચારૂ વ્યવસ્થાનો પ્રારંભ થઈ રહ્યો છે, જેનાથી પાણીની વપરાશ બાદની ખાલી બોટલો જ્યાં ત્યાં પર્યટકો/યાત્રીકો ના ફેકે અને પાર્યાવરણને થતું નુકશાન અટકે તેવો આ પ્રયાસ છે.

આ તકે કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યુ હતુ કે, લોકજાગૃતિ કેળવાય અને લોકોમાંપર્યાવરણનું જતન-સંવર્ધન થાય તે માટે ગિરનારને સ્વચ્છતા અને પ્લાસ્ટીક મુકત બનાવવાનો આજનો વોટર જગ(કેરબા) વિતરણનો કાર્યક્રમ ઉમદા પુરવાર થશે. જૂનાગઢ શહેરથી માત્ર સાત કિલોમીટરના અંતરે ગિરનારની પર્વતમાળાના સમૂહમાં ગિરિવર ગિરનારની ટૂંક ધર્મની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ સ્થાન આવેલા છે, કિવદંતી મુજબ ગિરનારનો પહાડ હિમાલયના પહાડો કરતા ખૂબ જ પૌરાણિક છે. અને અહીં ધાર્મિક મહત્વ પણ છે. ત્યારે શ્રધ્ધાળુઓ જયારે ગિરનારની યાત્રાએ આવે કે સહેલાણીઓ ગિરનાર અને ગિરના વનપ્રદેશની સહેલગાહે આવે ત્યારે પ્લાસ્ટીક જન્ય પ્રદુષણ ફેલાવતા ઘટકોને ત્યજે અને પરંપરાગત આપણી વ્યવસ્થાઓને જાળવીને પ્રકૃતિનું સંવર્ધન કરે તેવા આશયથી આજનો આ જાગૃતિ કાર્યક્રમ સાચા અર્થમાં લોકોપયોગી બનશે.

નાયબ વન સંરક્ષક અક્ષય જોષીએ ગિરનાર સીડી વિસ્તારમાં રોજી રોટી કમાનાર દુકાનદારો અને ભવનાથ ક્ષેત્રનાવ્યવસાયિકોને સંબોધતા જણાવ્યુ હતુ કે, ગિરનારની ભુમિ પવિત્ર છે. તેની પવિત્રતા સચવાય અને પર્યાવરણનું સંતુલન જળવાય તે દિશામાં વન વિભાગ દ્વારા થતી કામગીરમાં સૌએ સહયોગીબની રહેવા અને પ્રકૃતિનાં સંવર્ધનમાં સહયોગ આપવા વિનંતી કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને ભવનાથ ક્ષેત્ર અને ગિરનાર સીડી પર રોજગારી મેળવતા દુકાનદારોને આવકારી ગિરનાર તિર્થક્ષેત્રને પ્લાસ્ટીક મુકત બનાવવા આજે ૧૨૦ જેટલા દુકાનદારોને ૬૦૦ જેટલા વોટરજગ (કેરબા) એનાયત થવા અંગે જાણકારી આપી હતી.અને જણાવ્યુ હતુ કે, ગીરનાર પર્વત પર નિયમિત રીતે સ્વચ્છતાની કામગીરી સેવાભાવી સંસ્થાઓ અને તંત્ર દ્વારા કરવામાં આવીરહી છે. આમ છતાં યાત્રીકો અને પર્યટકોમાં લોકજાગૃતિ કેળવાય અને ગિરનાર પર્વત પર પ્લાસ્ટીક જતુ અટકે તે દીશામાં આજે સાંસદ અને ધારાસભ્ય દ્વારા અને ઉષાબ્રેકો કંપની તેમજ સવાણી ગ્રુપનાં સહયોગ સાથે વોટર જગની સવલત પુર પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.ગીરનાર પગથીયાનાં પ્રારંભ સ્થળે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૫૦૦૦ લીટરની ક્ષમતા ધરાવતી શુદ્ધ પેય જળની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે દેવાભાઈ રાખોલીયાએ ગિરનાર પર્વતને શિવાલય સાથે સરખાવીને જણાવ્યુ હતુ કે,ગિરનાર તિર્થક્ષેત્ર એ તો તપોભુમિ છે. તેની પવિત્રતા સાચવવી એ આપી સૌની જવાબદારી છે. ગિરનારને સૌરાષ્ટ્રના ડુંગર પ્રદેશની દક્ષની ટેકરીઓ તરીકે ઓળખવામાં આવે છે. ગિરનારની ટેકરીઓ ૨૪ કીમી. લાંબા અને ૯.૫ કીમી પહોળા વિસ્તારમાં ફેલાયેલી છે. આ ટેકરીઓ ૨૫૦ થી ૬૪૦ મીટરની સરેરાશ ઊંચાઈ ધરાવે છે. ગોરક્ષનાથનું શિખર સૌથી ઊંચું છે. દાતારનું શિખર ૮૪૭ મીટર ઊંચું છે આ સિવાય અંબાજી, દત્તાત્રેય, કાળકા, જેવા નોંધપાત્ર શિખરો છે.

# ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણીની જૂનાગઢમાં થઈ રહેલી તૈયારીઓ

## સાંસ્કૃતિક કાર્યક્રમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજવાનું આયોજન : કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ વિવિધ કમિટીના મુખ્ય સંયોજકને માર્ગદર્શન આપ્યું




જૂનાગઢ, તા.૩૦

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢમાં થનાર હોય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ આ અંગેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

૨૬ જાન્યુઆરી-૨૦૨૩ પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત કલેકટર શ્રી અનિલકુમાર રાણાવાસીયાના અધ્યક્ષસ્થાને વિવિધ કમિટીના મુખ્ય સંયોજકની મીટીંગ મળી હતી. આ મિટિંગમાં પ્રજાસત્તાક દિન ઉજવણી પૂર્વે સાંસ્કૃતિક કાર્યક્રમો જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું આ અંગે પાર્કિંગ વ્યવસ્થા અને અન્ય સંબંધીત વ્યવસ્થાઓ અંગે કલેકટરશ્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધ્વજ વંદન કાર્યક્રમ પીટીસી ગ્રાઉન્ડ બિલખા રોડ જૂનાગઢ ખાતે યોજાનાર હોય તે અંગે પણ જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે. સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે જરૂરી પૂર્વ તૈયારીઓ અને લોકો સારી રીતે આ કાર્યક્રમમાં માણી શકે તે અંગે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

# અમદાવાદના કાંકરીયા કાર્નિવલ ખાતે લોકોને જાગૃતિ રાખવા નવતર અભિગમ



જૂનાગઢ, તા.૩૦

સને ૨૦૨૦ની સાલથી જૂનાગઢ ખાતેના ભવ્ય શિવરાત્રી મેળામાં તત્કાલીન ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા દ્વારા લોકોને સાવચેત રહેવા તથા જાગૃતિ લાવવા જૂનાગઢના એફ.એમ.રેડિયો ના આરજે અજય દ્વારા એક ઓડિયો ક્લિપ બનાવી, ખિસ્સા ચોરી, મોબાઈલ ચોરી સહિતના બનાવો અટકાવવા તેમજ સાવચેતી રાખવા વિનંતી કરવામાં આવેલ હતી. જે સને ૨૦૨૦ થી મહા શિવરાત્રિના મેળામાં પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઉપર વગાડી, લોકોને જાગૃત કરવામાં આવતા, લોકોની જાગૃતિના કારણે મોબાઈલ ચોરી અને ખિસ્સા ચોરીના બનાવોમાં ઘટાડો થયેલ અને આ નવતર અભિગમ સફળ થતા, આજે પણ સાવચેતી રાખવા મહાશિવરાત્રીના મેળામાં ઓડિયો ક્લિપ જૂનાગઢ પોલીસ તરફથી ચાલુ જ રાખવામાં આવે છે. હાલમાં તા. ૨૫ જાન્યુ.થી તા.૩૧ જાન્યુ. સુધી કાંકરિયા કાર્નિવલ ચાલુ હોઈ, અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી જ્ઞાનેન્દ્ર સિંઘ મલિક, જોઈન્ટ સીપી બ્રજેશ ઝા, નાયબ પોલીસ કમિશ્નર શ્રી રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ અત્રેથી બદલી થઈને એસીપી જે ડિવિઝન તરીકે ગયેલા જૂનાગઢના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા તથા મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી. ઉનડકટ દ્વારા ગત વર્ષથી કાંકરિયા કાર્નિવલમાં આવતા લોકોને પણ સાવચેત રાખવા, જૂનાગઢ એફ.એમ.રેડિયોના આરજે અજય દ્વારા ક્લિપ બનાવી, પબ્લિક એડ્રેસ સિસ્ટમ પર વગાડવામાં આવે છે. આ ક્લિપ દ્વારા કાંકરિયા કાર્નિવલમાં આવતા લાખો લોકોને ખિસ્સા કાતરુ, મોબાઈલ ચોર થી સાવધાન રહેવા, મેળામાં ફરવા આવતા પોતાના બાળકો, સ્વજનોની સાર સંભાળ રાખવા, સીસીટીવી કેમેરાના સર્વેલસ બાબત અમદાવાદ શહેર પોલીસ તરફથી વિનંતી કરવામાં આવે છે. આ નવતર અભિગમ કાંકરિયા કાર્નિવલમાં પણ સફળ રહ્યો છે. લોકોને સાવચેત કરવા તથા લોકોની જાગૃતિ માટે જૂનાગઢના એફ.એમ.રેડિયોના આરજે અજય દ્વારા બનાવવામાં આવેલ ક્લિપ જૂનાગઢના મહાશિવરાત્રી ના મેળાની સાથે સાથે હવે અમદાવાદ શહેરના કાંકરિયા કાર્નિવલમાં પણ ધૂમ મચાવે છે અને મેળો માણવા આવતા લાખો લોકોને સાવચેત કરે છે.

# કૈમોર ખાતે ACC ઉચ્ચતર માધ્યમિક શાળાની શતાબ્દી ઉજવાઈ

## શાળાએ દેશને સ્વાતંત્ર્ય સેનાનીઓ, રાષ્ટ્રીય નેતાઓ અને વૈજ્ઞાનિકો આપ્યા





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦

મધ્યપ્રદેશના કેમોરસ્થિત ACC હાયર સેકન્ડરી સ્કૂલેએક સદીની યાત્રા સફતાપૂર્વક પૂર્ણ કરી છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ૧૭,૦૦૦થી વધુ લોકોના જીવનને આકાર આપવાની સફરને તે ચિહ્નિત કરે છે. ૧૯૨૩માં કિમોરગામ ખાતે C.P. પોર્ટલેન્ડ સિમેન્ટ લિમિટેડ દ્વારા સ્થાપિત આશાળાવર્ષોથી અવિરત શિક્ષણનો પ્રકાશ પાથરી રહી છે.મધ્યપ્રદેશમાં શિક્ષણ જગતમાંશાળાએઅમીટ અને નોંધપાત્ર છાપ છોડી છે.

શતાબ્દી સમારોહ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ જી. અદાણીએ પ્રોત્સાહકહાજરી આપી હતી. છઝઝ જીમખાના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દિવસભર ચાલેલા કાર્યક્રમમાં શાળાની સફર રજૂકરતી દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના સંભારણા અભિવ્યક્ત કરવા સાથે સાંસ્કૃતિક પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું.

આ ઐતિહાસિક અવસરેડૉ. પ્રિતિ અદાણીએ શાળાના કર્મચારીગણ, વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે "શિક્ષણ એ સામાજિક પ્રગતિનો પાયો છેઅને ACC હાયર સેકન્ડરી સ્કૂલનો સદી-લાંબો વારસો ગુણવત્તાયુક્ત શિક્ષણની પરિવર્તનશીલ શક્તિનું પ્રતીકબની આજે આપણી સામે મોજુદ છે. શાળાની શૈક્ષણિક શ્રેષ્ઠતા એક સીમાચિહ્નરૂપ છે, અમે સમર્પિત શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અદાણી ફાઉન્ડેશન આ મહત્વપૂર્ણ અવસરના સાક્ષી બનતા ગર્વ અનુભવે છે. શાળાના સમૃદ્ધ વારસામાં યોગદાન આપવા અમે આતુર છીએ અને ગુણવત્તાયુક્ત શિક્ષણને આગળ ધપાવવા પ્રતિબદ્ધ છીએ."

ACC હાયર સેકન્ડરી સ્કૂલની સફરનોઆરંભ ૧૯૨૩ માં ગૌરીશંકર પાંડેના નેતૃત્વ હેઠળ માત્ર બે વર્ગખંડો સાથે થયોહતો.તેમણે ૧૯૪૩ સુધી પ્રથમ મુખ્ય શિક્ષક તરીકે સેવા આપી હતી. તેમણે આપેલો વારસો અન્ય અનેક શિક્ષાવિદો દ્વારા વર્ષોથી જવાયો છે. તેમના કાર્યકાળમાં શાળાએ નોંધપાત્ર પ્રગતિ સાધી છે તે અહીં જોવા મળેછે. ૨૦૧૦ માં ઉચ્ચ માધ્યમિક વિદ્યાર્થીઓ માટે પ્રયોગ શાળાઓ, પુસ્તકાલય, ચાર વર્ગખંડો અને શૌચાલય સહિતની સુવિધાઓનું નિર્માણ થયું હતું. રાજ્યની મેરિટ યાદીમાં વિદ્યાર્થીઓની નોંધપાત્ર સિદ્ધિઓએ શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે શાળાની પ્રતિબદ્ધતાની તાકાત પ્રકાશિત કરી છે. ૨૦૧૭માં આચાર્યની જવાબદારી સંભાળનાર સુધાંશુ મિશ્રાના નેતૃત્વ હેઠળ શાળા પ્રગતિના પંથે અગ્રેસર રહી છે.

શાળાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાસુધાંશુ મિશ્રાએ કહ્યું હતું કે "જેમ જેમ આપણે અવિશ્વસનીય સીમાચિહ્ન ઉપર પહોંચીએ છીએ તેમ, મારુ હૃદય કૃતજ્ઞતાથીઉભરાય છે. આ યાત્રાસમર્પિત શિક્ષકો અને સમુદાયના સમર્થન દ્વારા માર્ગદર્શિતશિક્ષણના સાચા સારને પ્રતિબિંબિત કરે છે. સૌએ સાથે મળીને અનેક પેઢીઓને આકાર આપ્યો છે.

સ્વતંત્રતા પૂર્વે આપણે જે ક્રાંતિની શરૂઆત કરી હતી તેને આગળ વધારવા માટેનું નેતૃત્વ કરવા બદલ હું અદાણી ફાઉન્ડેશનનો આભાર માનું છું. તે સાથે સર્વ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે અમે સખત મહેનત કરવા સજ્જ છીએ." ૧૦ વર્ષની ઉંમરે ભારત છોડો ચળવળમાં જોડાનાર સૌથી નાની વયના સ્વાતંત્ર્ય સેનાની મહેશ વાસ્તવ સહિતના અન્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે શાળાને ખૂબ ગર્વ છે. આ શાળાના પ્રતિભાવંતોમાં નિવૃત્ત આર્મી ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ તુકારામ યાદવ, ભારતીય બેડમિન્ટન એસોસિયેશનના સેક્રેટરી સંજય મિશ્રા, ચંદ્રયાન-૨ અને ચંદ્રયાન-૩ પ્રોજેક્ટમાં કામ કરનાર મેઘા ભટ્ટ, રાણી દુર્ગાવતી યુનિવર્સિટીમાં ડીન અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલર તરીકે નિવૃત્ત થયેલા વૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રી ડો.કરૂણા વર્મા, કોલ ઈન્ડિયા લિમિટેડના ભૂતપૂર્વ મુખ્ય ભૂસ્તરશાસ્ત્રી અનિલ કુમાર શુક્લાઅને પ્લેબેક સિંગર નંદિતા નાગજ્યોતિ વગેરેનો સમાવેશ થાય છે.

# આઈશ્રી સોનલ માતાજીના 'જન્મ શતાબ્દી મહોત્સવ'ની મઢડા સોનલધામ ખાતે ભવ્ય તૈયારીઓ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢ તાલુકાના કેશોદ ગામે સોનલ ધામ ખાતે સોનલ માતાજીના ૧૦૦માં જન્મોત્સવ નિમિત્તે ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે, ચારણો અને અઢાર વર્ણના આસ્થાનું સ્થાન એટલે મઢડા સોનલધામ માતાજીનું જન્મ સ્થળ છે ત્યાં ભવ્ય મંદિર પણ છે, ત્યાં દેશ વિદેશથી ભક્તો દર્શન અર્થે આવતા હોય છે અને દર વર્ષ પોષ સુદ બીજનાં દિવસને 'સોનલ બીજ' તરીકે વિવિધ જગ્યાએ ઉજવવામાં આવે છે, ત્યારે "સોનલ બીજ" ૧૦૦મી હોય ત્યારે ૩ દિવસ તા.૧૧,૧૨,૧૩ સુધી સોનલબીજની "શ્રી સોનલમાં જન્મ શતાબ્દી મહોત્સવ" તરીકે ઉજવણી થનાર છે તેમાં દિવસમાં ૨ સભાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પ્રાસંગિક સ્વાગત ઉદબોધન, પ. પૂ.સાધુ સંતો દ્વારા આશીર્વચન, પ્રાર્થના ગાન, યુવા અને ઉદ્યોગ, નારીશક્તિ વંદના, દાંડિયારાસ, સંસ્થાનો પરિચય અને દરરોજ રાત્રે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં દેશ વિદેશમાં પ્રખ્યાત કલાકારો અને લોક સાહિત્યકારો હશે તેમજ આ ત્રિદિવસીય મહોત્સવમાં પ.પૂ. સાધુ સંતો, કવિઓ, સરકારી ઉચ્ચ અધિકારીઓ તેમજ વિવિધ પક્ષના રાજકીય આગેવાનો, સામાજિક અને રાજકીય સભામાં રજવાડાઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. તેમજ પૂજય માતાજીઓ, સંતગણ, ભુવાઆતાઓ, કથાકારો, ચારણ કથાકારો, કવિરાજ પરિવારો, ચારણ ગઢવી સમાજની સંસ્થાઓ, તેમજ ભારત સરકાર દ્વારા મળેલ પદ્મશ્રીઓ પણ ઉપસ્થિત રહેશે, આ માતાજીનો ૧૦૦ મો જન્મોત્સવ હોય આઈ ઉપાસકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# માંગરોળના માનખેત્રા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત કરતા ગ્રામજનો



જૂનાગઢ, તા.૩૦

માંગરોળના માનખેત્રા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉત્સાહભેર ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય દેવાભાઈ માલમ અને ભગવાનજીભાઈ કરગઠીયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓની લોકોને જાણકારી આપવાની સાથે તેના લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. નેનો યુરિયાના છંટકાવ માટેના ડ્રોનનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામજનોએ હેલ્થ કેમ્પના માધ્યમથી ટીબી સ્ક્રિનિંગ સહિતની આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો હતો. ધરતી કહે પુકાર કે નાટકના માધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા. નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. અંતમાં ગ્રામજનો વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા સંકલ્પબદ્ધ થયા હતા. આ પ્રસંગે સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારી, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# રોકાણકાર શિખર સંમેલન નવો દ્રષ્ટીકોણ આપે છે

ગત દિવસોમાં ઉત્તરાખંડમાં વૈશ્વિક રોકાણકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય રાજ્યની આર્થિક ક્ષમતાને વધારવા માટે રોકાણકારોને આકર્ષિત કરવાનો હતો. તેમાં વિભિન્ન યોજનાઓ સંબંધિત ૪૪ હજાર કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ત્યારબાદ બિહારમાં પણ બે દિવસીય રોકાણકાર સંમેલન થયું. તેમાં ત્રણસોથી વધુ ઉદ્યમીઓએ રાજ્યમાં ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધારેના રોકાણની ઈચ્છા વ્યક્ત કરી. જો આ પ્રસ્તાવોને વાસ્તવિક રૂપે ધરાતલ પર ઉતારવામાં આવે તો બંને રાજ્યો આર્તિક પ્રગતિ અને વિકાસના નવા આયામ સ્થાપિત કરી શકે છે. રોકાણ કોઈપણ અર્થવ્યવસ્થા માટે વૃદ્ધિ અને વિકાસના મુખ્ય ઉત્પ્રેરક રૂપે કામ કરે છે. રોકાણકાર સંમેલન રાજ્ય માટે રોજગારના અવસર સર્જિત કરવાની સાથે વિભિન્ન પરિયોજનાઓને પૂરી કરવામાં મદદ પણ કરે છે. તેનાથી ન માત્ર રાજસ્વ વધે છે, બલ્કે રાજ્યના લોકોને પણ વ્યવસાય માટે બહેતર માહોલ મળે છે. રાજ્યની સંસ્કૃતિ, ખાનપાન અને વૈવિધ્યકરણને વૈશ્વિક સ્તર પર ઓળખ મળે છે. રોકાણના ગુણક પ્રભાવથી એ રાજ્યની સ્વાસ્થ્ય સુવિધાઓ, નગરીકરણ, આધારભૂત સંરચના પણ વધુ મજબૂત થાય છે. આવકના સ્રોતો વધવાથી રાજ્યોને દેવાની જાળમાંથી બહાર કાઢવાનો અવસર મળે છે, સાથે જ તેમની કેન્દ્ર સરકારના અનુદાન પર નિર્ભરતા ઓછી થઈ જાય છે. રોકાણકાર શિખર સંમેલન રાજ્યોએ પોતાની આર્થિક સ્થિતિને સમજવાનો નવો દૃષ્ટિકોણ આપે છે.

નીતિ આયોગ દ્વારા સહકારી સંઘવાદને ઉત્તેજન આપ્યા બાદથી રાજ્ય પોતાના સંસાધનોના અનુકૂળતમ પ્રયોગ માટે યોજનાઓ ખુદ બનાવી રહ્યા છે. રાજ્ય પોતાની અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ માટે ખાનગી રોકાણના મહત્ત્વને સમજવા લાગ્યાં છે. બદલાતા આર્થિક માહોલમાં રાજ્ય રોકાણ માટે રોકાણકારોને આમંત્રિત કરી રહ્યાં છે. તેના માટે તેઓ જરૂરિયાત પ્રમાણ શ્રમસુધાર કરી રહ્યાં છે. નિયમ-કાયદાને સુધારવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. ઉદ્યોગીકરણને ઉત્તેજન આપતી નીતિઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે. ટેકનિકને ઉત્તેજન આપવાની સાથે જ પોતાના અધિનિયમોમાં પરિવર્તન કરી રહ્યાં છે. તેને કારણે વિભિન્ન રાજ્યો વચ્ચે પ્રતિસ્પર્ધાનો એક નવો દોર શરૂ થયો છે. ભારતનું દરેક એ રાજ્ય જેની પાસે વ્યવસાયના અવસર છે, રોકાણકાર સંમેલનનું આયોજન કરી રહ્યું છે. જે રોકાણ પહેલાં માત્ર બંદરવાળાં ક્ષેત્રોમાં થતાં હતાં, આજે તેમાં બદલાવ આવ્યો છે. રોકાણકાર હવે એ રાજ્યોમાં પણ રોકાણ કરી રહ્યા છે, જ્યાં વ્યવસાયને વધારવાના અવસર છે. આવાં સંમેલન મહારાષ્ટ્ર, યુપી, બંગાળ, અસમ, આંધ્ર પ્રદેશ, પંજાબ, છત્તીસગઢ, રાજસ્થાન વગેરેમાં પણ આયોજિત થઈ ચૂક્યાં છે. આ રોકાણ સંમેલનોની સફળતા એ વાત પર નિર્ભર કરે છે કે કરવામાં આવેલ સમજૂતીઓમાંથી કટેલાકને વાસ્તવિકતાના ધરાતલ પર ઉતારવામાં આવે છે. વ્યાવહારિકતામાં આ સંમેલન રાજકીય દૃષ્ટિકોણને વધુ પુષ્ટ કરે છે, જ્યારે આ સંમેલનોનો ઉદ્દેશ્ય રાજ્યના આર્થિક દૃષ્ટિકોણને વધુ મજબૂત કરવાનો હોવો જોઈએ. રોકાણકાર કોઈપણ રાજ્યમાં ત્યાં સુધી રોકાણ કરવા તૈયાર નથી થતા જ્યાં સુધી કે એ રાજ્યની રાજકીય અને પ્રશાસનિક સ્થિતિઓ તેમને અનુકૂળ નથી હોતી. તેના માટે રાજ્યોએ ગંભીરતાથી નીતિગત પહેલ કરવી પડશે. લાલફીતાશાહીને ઘટાડવા માટે નિયામક પ્રણાલીને આસાન બનાવવી પડશે. પહેલી હરોળના પદાધિકારીઓને નાણાંકીય અને પ્રશાસનિક શક્તિઓ સોંપવાની સાથે જવાબદારી પણ નક્કી કરવી જોઈએ. નીતિ નિર્માણ અને કાર્યાન્વયનની જવાબદારીઓ અલગ કરવાથી નિષ્પાદનમાં ઝડપ આવે છે. ડિજિટલ ડિવાઈડને ઘટાડવાની સાથે નિરીક્ષણ એજન્સીઓને સંવેદનશીલ બનાવવી જોઈએ. સમયબદ્ધતા પર વિશેષ ધ્યાન આપવાથી મૂડીના ખર્ચને સ્થિર રાખી શકાય છે. ઉત્પાદકતા વધારવા માટે ઉત્પાદનના કારકોમાં જરૂરિયાત અનુસાર સુધાર કરવા જોઈએ. શૂન્ય કાર્બન ઉત્સર્જનની દિશામાં આગળ વધી રહેલા ભારતમાં પર્યાવરણના પડકારોને પણ ધ્યાનમાં રાખવા પડશે. રોકાણકારોની કસોટી પર ખરા ઉતરવા માટે દરેક રાજ્યની તેના સંસાધનો અનુસાર જવાબદારી નિર્ધારિત કરવી જોઈએ. સેવા, કૃષિ, વિનિર્માણ, નવીનીકરણ ઊર્જા, ઈલેક્ટ્રીક વાહન, હાઈડ્રોજન ફ્યૂલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખનન, પ્રસંસ્કરણ, રિયલ એસ્ટેટ, સ્વાસ્થ્ય, ઉચ્ચ શિક્ષણ, પર્યટન, ફિલ્મ અને આયુષ વગેરે એવાં ક્ષેત્ર છે, જે રાજ્યોના વિકાસની અસીમ સંભાવનાઓનાં દ્વાર ખોલે છે. તમામ રાજ્યો શ્રમસંપન્ન છે. એવામાં જો દરેક રાજ્ય પોતાના સંસાધનોનો અનુકૂળતમ પ્રયોગ કરે તો આઠ ટકાના વિકાસ દરને આસાનીથી હાંસલ કરી શકાય છે. ભારત ઝડપથી સતત વિકાસ તરફ ડગ માંડી રહ્યું છે. એવામાં દરેક રાજ્યએ પોતાની સક્રિય ભૂમિકા નિભાવવી પડશે. દરેક રાજ્યએ પોતાના નાગરિકોના હિતોની સુરક્ષા સાથે વિકાસના રસ્તે આગળ વધવા માટે પોતાને તૈયાર કરવા પડશે. જો તમામ રાજ્ય આ દિશામાં ગંભીર પ્રયાસો સાથે આગળ વધે છે તો પાંચ ટ્રિલિયન (લાખ કરોડ) ડોલર અર્થવ્યવસ્થાના લક્ષ્યને આસાનીથી હાંસલ કરી શકાય છે. તેના માટે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે રાજ્યો વચ્ચે સ્પર્ધાત્મક માહોલની સાથે કેન્દ્ર અને વિભિન્ન રાજ્યોમાં પરસ્પર સહયોગ અને સમન્વયનો સંબંધ પણ બની રહે. આજે જ્યારે એક રાષ્ટ્રની અવધારણા પર નીતિઓ બનાવવામાં આવી રહી છે તો એવામાં ઉત્તર વિરૂધ્ધ દક્ષિણની વાત જ નકામી છે. ૨૦૪૭ સુધી ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે રાજ્ય સરકારોએ એ વાત પર ગંભીરતાથી વિચાર કરવો પડશે કે રોકાણકાર સંમેલનમાં થનારી સમજૂતીઓને સાર્થક બનાવવામાં આવે.

### પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્તકર્તાઓમાં એ એકમાત્ર સ્ટીલ ઉત્પાદક કંપની હતી

# શ્રીયમ પાવર એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ લિ.ને નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ-૨૦૨૩ એનાયત કરાયો

**રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર દેવેશ ખંડેલવાલને એવોર્ડ અર્પણ કર્યો હતો**

ગાંધીધામ, તા.૩૦

દેશમાં ઉર્જા સંરક્ષણના અનુકરણીય પ્રયાસોને માન્યતા આપવા માટે દર વર્ષે નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડે પર નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ એનાયત કરવામાં આવે છે. શ્રીયમ પાવર એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝને ગૌણ સ્ટીલ ક્ષેત્રમાં પુરસ્કાર માટે પસંદ કરવામાં આવી હતી અને પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્તકર્તાઓમાં એ એકમાત્ર સ્ટીલ ઉત્પાદક કંપની હતી.

ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં શ્રીયમ પાવર એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડિરેક્ટર દેવેશ ખંડેલવાલને એવોર્ડ અર્પણ કર્યો હતો. આ પુરસ્કાર સમારંભમાં કેન્દ્રીય પાવર અને રીન્યુએબલ એનર્જી મંત્રી આર.કે. સિંહ અને પાવર એન્ડ હેવી ઈન્ડસ્ટ્રી રાજ્ય મંત્રી કૃષ્ણ પાલ પણ ઉપસ્થિત રહ્યા હતા

આ અંગે વાત કરતા શ્રી ખંડેલવાલે જણાવ્યું કે, "માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ પ્રાપ્ત કરીને અમે સન્માનિત થયા છીએ. આ પુરસ્કાર સસ્ટેનેબલ પ્રેક્ટિસ અને એનર્જી કન્ઝર્વેશન માટેની અમારી પ્રતિબદ્ધતાની માન્યતારૂપ છે. હું આ માન્યતા માટે ભારત સરકારનો આભાર માનું છું અને આ નોંધપાત્ર સિદ્ધિ માટે શ્રીયમ પાવર એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ ની સમગ્ર ટીમને અભિનંદન આપું છું.

નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્સ, કેન્દ્રીય ઉર્જા મંત્રાલય હેઠળ કાર્યરત બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા રજૂ કરવામાં આવે છે અને ઊર્જા કાર્યક્ષમતા અને તેના સંરક્ષણને પ્રોત્સાહન આપે છે. આ એવોર્ડ માટે ૨૧ સેક્ટરમાં પાંચ કેટેગરીમાં કુલ ૫૧૬ અરજીઓ મળી હતી.અત્રે નોંધનીય છે કે શ્રીયમ પાવર એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ ને તાજેતરમાં તેના નેશનલ સ્ટીલ TMT બાર માટે ગુજરાતની પ્રથમ ગ્રીન પ્રો સર્ટિફાઈડ કંપની તરીકે માન્યતા આપવામાં આવી હતી. CII-ગ્રીન પ્રોડક્ટ્સ એન્ડ સર્વિસિસ કાઉન્સિલ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રએ તેની પ્રોડક્ટ ગુણવત્તામાં ઉચ્ચતમ પર્યાવરણીય ધોરણોને પૂર્ણ કરવા માટે રાષ્ટ્રીય TMT પરત્વેના સમર્પણની પુષ્ટિ કરી છે.

### સાબરમતી રિવરફ્રન્ટ પર ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યુ

# CM ભૂપેન્દ્ર પટેલ ફલાવર શોનો આજે શુભારંભ કરશે

**દેશ વિદેશના ૧૫૦ થી વધુ પ્રજાતિઓના ૭ લાખથી વધારે રોપાઓની મજા મુલાકાતીઓ માણી શકશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યુ છે. આજે ૩૦ ડિસેમ્બરે ફલાવર શોને મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ શુભારંભ કરાવશે. AMCના હોદ્દેદારો અને અધિકારીઓએ આયોજન સ્થળની મુલાકાત લીધી હતી. દેશ વિદેશના ૧૫૦ થી વધુ પ્રજાતિઓના ૭ લાખથી વધારે રોપાઓની મજા મુલાકાતીઓ માણી શકશે. આજે શનિવારે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ ફલાવર શોને ખુલ્લો મુકનાર છે. રિવરફ્રન્ટ પર ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યુ છે. જ્યાં મીલેટ્સ વર્ષ, આત્મનિર્ભર ભારત, મહિલા સશક્તિકરણ સહિતની થીમ ઉપર ફૂલોથી સ્કલ્પ્ચર તૈયાર કરવામાં આવ્યા છે. આયોજન પર એક નજર

- ૧૦ માં ફલાવર શોનો આજે ૩૦ ડિસેમ્બરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે થશે શુભારંભ
- AMCના હોદ્દેદારો અને અધિકારીઓએ લીધી આયોજન સ્થળની મુલાકાત
- આત્મનિર્ભર ભારત, મીલેટ્સ વર્ષ, મહિલા સશક્તિકરણ સહિતની થીમ ઉપર તૈયાર કરાયા ફૂલોથી બનેલા સ્કલ્પ્ચર
- મીલેટ્સ વર્ષની ઉજવણી હેઠળ ફલાવર શો સમયે ફૂડ સ્ટોલમાં મહત્તમ મીલેટ્સ આઈટમ રાખવામાં આવશે
- ૧૫૦ થી વધુ પ્રજાતિના ૭ લાખથી વધુ રોપાઓની મજા મુલાકાતીઓ માણી શકશે
- પીટૂનીયા, ડાયંથસ, સેવંતી, ગજેનિયા , બીગુનિયા, એસ્ટર, મેરીગોલ્ડ, કેકટસ, ઓર્ચિડ, લીલી, ગુલાબ સહિતની પ્રજાતિઓના છોડ રોપા જોવા મળશે
- નવા સંસદભવન, વડનગર તોરણ, ચંદ્રયાન, સરદાર પટેલ ઉપરાંત પશુ પક્ષીઓના ફૂલોથી બનેલા સ્કલ્પ્ચર રહેશે મુખ્ય આકર્ષણ
- સોમથી શુક્ર ૧૨ વર્ષથી ઉપરના માટે રૂા.૫૦ અને શનિ રવિ માટે રૂા.૭૫ પ્રવેશ ફી રાખવામાં આવશે
- AMC ના તમામ સિવિક સેન્ટર પરથી ટિકિટ મેળવી શકાશે
- ફલાવર શો અંગેના ઊઈ કોડ થકી પણ ટિકિટ બુક કરાવી શકાશે
- શાળા તરફથી આવતા બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે, AMTS ની સેવા પણ આપવામાં આવશે
- મુલાકાતીઓ માટે પૂરતી પાર્કિંગ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી
- ૩૦ ડિસેમ્બર થી ૧૫ જાન્યુઆરી મળી કુલ ૧૭ દિવસ ચાલશે ફલાવર શો
- સવારે ૯ થી રાતના ૧૦ સુધી લઈ શકાશે મુલાકાત
- AMC ના અત્યાર સુધી યોજાયેલા ફલાવર શો માં આ ફલાવર શો સૌથી વધુ દિવસોનો રહેશે
- ૧૭ દિવસ દરમ્યાન મળી ૧૦ લાખથી વધુ લોકો મુલાકાત લે એવી સંભાવના
- ફલાવર શો માં છસ્ઝ દ્વારા વિશ્વની સૌથી લાંબુ ફલાવર સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું
- ૪૦૦ મીટર લંબાઈનું ફલાવર સ્ટ્રક્ચર બનાવી રેકોર્ડ સર્જવાનું આયોજન
- ખાણીપીણી સહીત નર્સરીની વસ્તુઓના સ્ટોલ પણ ઉભા કરાયા

### સરકારે વ્યાજદરમાં વધારાની કરી જાહેરાત

# સુકન્યા સમૃદ્ધિ યોજનાના રોકાણકારોને નવા વર્ષની ભેટ

**નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ચોથા ક્વાર્ટર માટે, યોજનાના વ્યાજ દર ૮ ટકાથી વધારીને ૮.૨ ટકા કરવામાં આવ્યા છે**

નવી દિલ્હી, તા.૩૦

સુકન્યા સમૃદ્ધિ યોજનામાં રોકાણ કરનારા રોકાણકારોને સરકારે નવા વર્ષમાં મોટી ભેટ આપી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ચોથા ક્વાર્ટર માટે, યોજનાના વ્યાજ દર ૮ ટકાથી વધારીને ૮.૨ ટકા કરવામાં આવ્યા છે. સરકારે નવા વર્ષમાં નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં ફેરફારની જાહેરાત કરી છે. સરકારની જાહેરાત અનુસાર, ૩ વર્ષની બચત યોજના પર વ્યાજ દરમાં ૦.૧%નો વધારો કરવામાં આવ્યો છે. સુકન્યા સમૃદ્ધિ યોજના પર વ્યાજ દરમાં ૦.૨%નો વધારો કરવામાં આવ્યો છે. હવે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં સુકન્યા સમૃદ્ધિ યોજના પર ૮.૨% વ્યાજ મળશે.

નાની બચત યોજનામાં સમાવિષ્ટ સુકન્યા સમૃદ્ધિ યોજનાના વ્યાજ દરમાં વધારો કરવામાં આવ્યો છે. નાણા મંત્રાલયે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળા માટે વ્યાજ દર ૮ ટકાથી વધારીને ૮.૨૦ ટકા કર્યો છે.

સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ, માતા-પિતા અથવા કાનૂની વાલી બાળકીના જન્મથી લઈને તે ૧૦ વર્ષની થાય ત્યાં સુધી બાળક માટે ખાતું ખોલાવી શકે છે. સુકન્યા સમૃદ્ધિ યોજના ખાતા પોસ્ટ ઓફિસ અને બેંકોમાં ખોલી શકાય છે. સુકન્યા સમૃદ્ધિ યોજના યોજના હેઠળ, લઘુત્તમ જમા રકમ પ્રતિ વર્ષ ૨૫૦ રૂપિયા છે અને મહત્તમ રકમ પ્રતિ વર્ષ ૧,૫૦,૦૦૦ રૂપિયા છે. આ યોજના હેઠળ, તમે જ્યાં સુધી છોકરી ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ ન કરે ત્યાં સુધી રોકાણ કરી શકો છો. આ પછી, ૧૮ વર્ષની ઉંમરે, છોકરી અભ્યાસ માટે ૫૦ ટકા રકમ ઉપાડી શકે છે અને ૨૧ વર્ષની ઉંમરે, તે ખાતામાંથી સંપૂર્ણ પૈસા ઉપાડી શકે છે. આ યોજના હેઠળ, તમે આવકવેરાની કલમ ૮૦ઝ હેઠળ ૧.૫૦ લાખ રૂપિયા સુધીની છૂટનો લાભ મેળવી શકો છો. તમે આ ખાતું કોઈપણ નજીકની બેંક અથવા પોસ્ટ ઓફિસમાં પણ ખોલાવી શકો છો.

તમને જણાવી દઈએ કે અગાઉ સરકારે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ના ત્રિમાસિક ગાળા માટે વ્યાજ દરમાં વધારો કર્યો ન હતો. જો બિઝનેસ વર્ષમાં ૨૫૦ રૂપિયાની ન્યૂનતમ ડિપોઝિટ રકમ જમા કરવામાં ન આવે તો, ડિફોલ્ટના કિસ્સામાં દર વર્ષે ૫૦ રૂપિયાનો દંડ લાદવામાં આવશે. સુકન્યા સમૃદ્ધિ યોજના સિવાય ત્રણ વર્ષની થાપણો પર વ્યાજ દર ૭ ટકાથી વધારીને ૭.૧ ટકા કરવામાં આવ્યો છે. જ્યારે પીપીએફ સહિત અન્ય યોજનાઓના દરમાં વધારો કરવામાં આવ્યો નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બીજાની બુરાઈ કરવાનું છોડી દો, બધાય તમારા વશમાં થઈ જશે. - અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે૮:૪૫ ક.) તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૧૬, આશ્લેષા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૩, સૂ.અ.૬:૧૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), પરોઢે ૫:૪૨ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આયોજનમાં સફળતા
વૃષભ: શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું હિતાવહ. નોકરીમાં સફળતા.
મિથુન: મિલન-મુલાકાતમાં વિઘ્ન આવે. મનમાં અશાંતિ અનુભવાય.
કર્ક: અગત્યના કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: પ્રવાસ-મુસાફરી આનંદદાયક રહે. ધીરજના ફળ મીઠા મળે.
કન્યા: પ્રવાસમાં વિઘ્ન આવે. પારિવારીક મતભેદની સંભાવના.
તુલા: સમાધાનકારી વલણ અપનાવવું. સાહસિક કાર્યથી દૂર રહેવું.
વૃશ્ચિક: નવિન તક ઉન્નતિ તરફ લઈ જાય. મનમાં પ્રફુલિતતા.
ધન: વ્યર્થ ક્રોધ અનુભવાય. મનમાં મૂંઝવણ રહે.
મકર: નાણાંભીડનો અનુભવ થાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વિલંબથી કાર્ય સફળતા.
મીન: જીવસાથીથી વાણી ઘર્ષણ થાય. કોર્ટ-કચેરીકાર્યમાં સફળતા મળે.

# ULFA અને કેન્દ્ર સરકાર વચ્ચે થયો ઐતિહાસિક કરાર

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકારને આસામ અને ઉત્તર-પૂર્વના સંબંધોમાં મોટી સફળતા મળી છે. શુક્રવારે (૨૯ ડિસેમ્બર) સરકાર અને આતંકવાદી સંગઠન યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ULFA) વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઉલ્ફાના વાર્તા સમર્થક જૂથે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં કેન્દ્ર અને આસામ સરકારો સાથે ત્રિપક્ષીય શાંતિ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા. ભારત સરકાર, યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ULFA) અને આસામ વચ્ચે ત્રિપક્ષીય શાંતિ કરાર પર આજે શુક્રવારે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ૪૦ વર્ષમાં પ્રથમ વખત સશસ્ત્ર આતંકવાદી સંગઠન ULFAના પ્રતિનિધિઓ અને આસામ સરકાર વચ્ચે શાંતિ સમાધાન કરારના મુસદ્દા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. પૂર્વોત્તરમાં ભારત સરકારના શાંતિ પ્રયાસો તરફ આ એક મોટું પગલું છે. કારણ કે, ઉલ્ફા છેલ્લા ઘણા વર્ષોથી ઉત્તર પૂર્વમાં સશસ્ત્ર સુરક્ષા દળો સામે હિંસક સંઘર્ષ કરી રહ્યું હતું.

આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મારા માટે ખૂબ જ આનંદની વાત છે કે આસામના ભવિષ્ય માટે આજનો દિવસ સુવર્ણ દિવસ છે. આસામ લાંબા સમયથી હિંસાનો સામનો કરી રહ્યું છે, સમગ્ર ઉત્તર-પૂર્વે હિંસાનો સામનો કરવો પડ્યો છે, જ્યારથી મોદીજી વડાપ્રધાન બન્યા છે (૨૦૧૪ થી), દિલ્હી અને ઉત્તર-પૂર્વ વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ખુલ્લા મનથી દરેક સાથે વાતચીત શરૂ થઈ અને તેમના (PM મોદીના) માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયે ઉગ્રવાદ મુક્ત, હિંસા-મુક્ત અને સંઘર્ષ-મુક્ત ઉત્તર-પૂર્વના વિઝન સાથે ચાલુ રાખ્યું. તેમણે કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં સમગ્ર ઉત્તર-પૂર્વના વિવિધ રાજ્યોમાં ૯ શાંતિ અને સરહદ સંબંધિત સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. જેના કારણે ઉત્તર-પૂર્વના મોટા ભાગમાં શાંતિ સ્થપાઈ છે. ગૃહમંત્રીએ કહ્યું, રેકોર્ડ પર, ૯ હજારથી વધુ કેડરોએ આત્મસમર્પણ કર્યું છે અને આસામના ૮૫ ટકા ભાગમાંથી AFSPA હટાવવામાં આવી રહી છે અને આજે ભારત સરકાર, આસામ સરકાર અને યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા) વચ્ચે ત્રિ-પક્ષીય સમજૂતી થઈ છે, આનાથી આસામના તમામ સશસ્ત્ર જૂથોના મુદ્દાને અહીં સમાપ્ત કરવામાં સફળ રહ્યા છીએ. તે જ સમયે, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું, આજે આસામ માટે ઐતિહાસિક દિવસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ આસામની શાંતિ પ્રક્રિયા ચાલુ છે.

## નર્મદ યુનિવર્સિટીમાં હવે વિદેશી ભાષાના કોર્સ ભણાવાશે

સુરત, તા.૩૦

નર્મદ યુનિવર્સિટીમાં હવે વિદેશી ભાષાના કોર્સ ભણાવાશે. PMના સૂચન બાદ VNSGUમાં વિદેશી ભાષા માટે નવો વિભાગ શરૂ કરાયો છેજેમાં વિદ્યાર્થીઓને વિદેશી ભાષા શીખવવામાં આવશે.વિદેશી ભાષા ભણવા ૭૨ છાત્રો તૈયાર થયા છે. આ છાત્રમાં સૌથી વધુ જર્મન ભાષા માટે ૨૯ અરજી આવી છે. આ ઉપરાંત ફ્રેન્ચ, ચાઈનીઝ, સ્પેનિશ, સ્વિડિશ, કોરિયન સહિતના ૧૦ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરાશે.

### ST નિગમના ફિક્સ-પેના કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ

# ST નિગમના ફિક્સ-પેનાં કર્મચારીઓનાં પગારમાં ૩૦ ટકાના વધારાની જાહેરાત કરાઈ

**નાણા વિભાગ દ્વારા મંજૂરી મળી જતાં ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં વધારો થશે**

ગાંધીનગર, તા.૩૦

રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના ફિક્સ પગારના કર્મચારીઓ માટે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ST નિગમના ફિક્સ-પેનાં કર્મચારીઓનાં પગારમાં ૩૦ ટકાનો વધારો કરવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. આજે રાજ્ય સરકારના નાણાં વિભાગે આ મોટા નિર્ણયને મંજૂરી આપી દીધી છે. નાણા વિભાગ દ્વારા મંજૂરી મળી જતાં ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં વધારો થશે.અગાઉ નવેમ્બર મહિનામાં એસ.ટી.વિભાગનાં વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી વચ્ચે બેઠક યોજાઈ હતી જે બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ ST કર્મચારીઓ પ્રત્યે હરહંમેશથી હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું જણાવી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, "તાજેતરમાં જ રાજ્યના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે આજે ગુજરાત એસ.ટી નિગમના ફિક્સ પગારના કર્મચારીઓને પણ હવે આ લાભ આપવા સંદર્ભે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે. " જે બાદ નાણામંત્રાલયે પણ આ મુદે લીલીઝંડી બતાવી દીધી છે.

# મણિપુરના લોકોને, બેરોજગારોને, ખેડૂતોને, આદિવાસીઓને અન્યાય સામે ૧૪મી જાન્યુઆરીથી યોજાનારી કોંગ્રેસની 'ભારત ન્યાય યાત્રા' ગુજરાતમાંથી પસાર થશે

અમદાવાદ, તા.૩૦

મણિપુરના લોકોને અન્યાય, બેરોજગારોને અન્યાય, ખેડૂતોને અન્યાય, આદિવાસીઓને અન્યાય સામે ૧૪મી જાન્યુઆરી ૨૦૨૪ના દિવસથી યોજાનારી કોંગ્રેસની 'ન્યાય યાત્રા' ગુજરાતમાંથી પણ પસાર થશે, જો કે તેના રૂટ અંગે ટૂંક સમયમાં કાર્યક્રમ જાહેર કરવામાં આવશે, એમ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ભારત જોડો યાત્રાની અભૂતપૂર્વ સફળતા બાદ કોંગ્રેસ પાર્ટીના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા 'ભારત ન્યાય યાત્રા' યોજાશે. 'ભારત ન્યાય યાત્રા' ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મણિપુરથી પ્રારંભ થશે. ભારત ન્યાય યાત્રા ૬૨૦૦ કિલોમીટર લાંબી યાત્રા ગુજરાત સહિત ૧૪ રાજ્યોમાંથી પસાર થશે. ભારત ન્યાય યાત્રા ૧૪ જાન્યુઆરીએ પ્રારંભ થઈ અને મુંબઈમાં ૨૦ માર્ચના રોજ પૂર્ણ થશે. ભારત ન્યાય યાત્રા મણિપુરથી પ્રારંભ થઈ નાગાલેન્ડ, અસમ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઉડીસા, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રથી પસાર થશે. દેશમાં વધી રહેલ આર્થિક અસમાનતા, સામાજિક ધ્રુવીકરણને રોકવા અને સર્વસમાવેશી રાજનીતિ માટે 'ભારત ન્યાય યાત્રા'ની શરૂઆત કરવામાં આવશે. ભારતના લોકોને આર્થિક, સામાજિક અને રાજનૈતિક ન્યાય મળી રહે તે માટે ભારત ન્યાય યાત્રનું આયોજન કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી દ્વારા વિશ્વ રેકોર્ડ સમાન વિશ્વના કોઈ પણ રાષ્ટ્રીય નેતાએ ના કરી હોય તેમ સૌથી લાંબી કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૪૫૦૦ કિલોમીટરની સફળ ભારત જોડો યાત્રા યોજવામાં આવી હતી. સમગ્ર દેશમાં નફરતના વાતાવરણને દુર કરી પ્રેમ અને ભાઈચારાનો સંદેશો લઈ રાહુલ ગાંધીએ યાત્રાનું નેતૃત્વ કર્યુ હતું. ભારત જોડો યાત્રામાં બાળપણની ઈજા હોવા છતાં વેદના સહન કરીને દેશમાં જાત પાત ધર્મ ભાષાથી ફેલાતી નફરતને દુર કરી પ્રેમનો સંદેશો લઈને નીકળ્યા હતા. ભારત જોડો યાત્રા કન્યાકુમારીથી કાશ્મીરના સમાપન પછી પણ ભારત જોડો યાત્રાના સંકલ્પને આગળ વધારતા દેશના અલગ અલગ વર્ગના લોકો જોડે તેમની પીડા અને સંઘર્ષમાં સહભાગી થવાનો પ્રયત્ન કર્યો હતો. ટ્રક ડ્રાઈવર, કુલી, મજદુરો, ગેરેજમાં મિકેનિક જેવા વર્ગ જોડે સંવાદ કર્યો હતો. ડુંગળી પકવતા ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ રહ્યાં છે તેવા પત્રકારો દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક બમણી કરવાની મોટી મોટી વાતો કરતી કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે ખેડૂતોની આવક અડધી અને ખર્ચ બમણો થઈ ગયો છે. ડુંગળી પકવતા ખેડૂતોને ન્યાય મળે તે માટે કોંગ્રેસ પક્ષ સ્થાનિક કક્ષાએ લડત લડી રહ્યો છે. કેન્દ્ર સરકારે તાત્કાલીક નિકાસબંધી ઉઠાવી લેવી જોઈએ. જેથી ખેડૂતોને પૂરતા ભાવ મળે.

# રાજ્યમાં મિનરલ્સ બેઈઝ પ્રોજેક્ટ, એનિમલ હેલ્થકેર, ઈથેનોલ ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રે થશે નવા રોકાણો

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આગામી જાન્યુઆરી-૨૦૨૪માં ૧૦ વાઈબ્રન્ટ ગુજરાત સમિટVGGS યોજાવા જઈ રહી છે. VGGS ૨૦૨૪ના ભાગરૂપે ગાંધીનગર ખાતે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત અને જળસંપતિ મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓ તેમજ સરકારના વિવિધ વિભાગો સાથે કુલ રૂા.૨૪,૭૦૭ કરોડના ૩૦ MOUs સાઈન-એક્સચેન્જ કરવામાં આવ્યા હતા. આ MOUsના અમલીકરણ થકી ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે ૩૮ હજારથી વધુ યુવાનોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ થશે. રાજ્યમાં આગામી માસમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ અગાઉ છેલ્લા બે માસ કરતા વધુ સમયથી દર બુધવારે નવા ઉદ્યોગોના રોકાણ અર્થે MOU થઈ રહ્યા છે, તેના સિલસિલો આજે પણ જારી રહેતા વધુ મોટાપાયે રોકાણોના MOU કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, VGGS ૨૦૨૪ હેઠળ સમજૂતી કરાર થયા તેમાં મુખ્યત્વે મિનરલ્સ બેઈઝ્ડ પ્રોજેક્ટ, શહેરી વિકાસ હેઠળ નવીન આવાસ-કોમર્શિયલ બિલ્ડિંગ, ટાઉનશિપ, કેમિકલ્સ-પેટ્રોકેમિકલ, ફાર્મા, જ્વેલેરી ઉત્પાદન, ગ્રીન-સોલાર એનર્જી, ટેકસટાઈલ અને એપરલ પાર્ક, એન્જિનિયરિંગ, ઓટો, એનિમલ હેલ્થકેર, ઈથેનોલ ઉત્પાદન, ઔદ્યોગિક પાર્ક, વોટર સપ્લાય અને સ્કીલ ડેવલપમેન્ટ વગેરે ક્ષેત્રોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત બુધવારે એક જ દિવસમાં રૂા.૧ લાખ કરોડના નવા રોકાણોના MOU થયા હતા. આ MOUs સાઈનિંગ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્યસચિવ એસ.જે. હૈદર સહિત સંબંધિત વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ તેમજ વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.


# કાંટાળી ઝાડીઓમાં ઊગતા મીઠા અને ખાટા ચણીબોર નબળા હાડકાને મજબૂત બનાવવામાં અસરકારક

સુરેન્દ્રનગર, તા.૩૦

હાલમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તેમજ આજુબાજુના ગામડાઓમાં ખેતરના પાળા ઉપર જ્યારે નાના-નાના બાળકો આવે તે માટે શિયાળાની સિઝનમાં ખાસ કરી અને ચણીબોર અને રાબોરની બોરડી વાવવામાં આવે છે અને શિયાળાની સિઝનમાં અને ઉનાળાની શરૂઆતમાં ચણી બોર અને રાબોરની સિઝન હોય છે ત્યારે નાના-નાના બાળકો તેમજ પરિવારજનો લાકડીથી ખંખેરી આવા બોરની મીઠાશ અને મોજ માણતા હોય છે હાલમાં વઢવાણ તાલુકાના અનેક ગામોમાં આ રીતે અસંખ્ય બોરડીઓ આવેલી છે. આ વર્ષે ચણીબોરની સિઝન સારી જોવા મળી રહી છે.આ ચણી બોર નાના-નાના બાળકોને બહુ જ પ્યારા હોય છે અને મોટી ઉંમરના લોકો જ્યારે બહારગામ જાય ત્યારે પણ સગા વ્હાલ માટે તેમના બાળકો માટે ચણી બોર અને રાબોર લઈ જતા હોય છે. કાટાળી ઝાડીઓમાં ઉગતા મીઠા અને ખાટા આલુ ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. જેને ચણી બોર પણ કહેવામાં આવે છે, આ નાના બોરને પોષક તત્વોનો સારો સ્ત્રોત માનવામાં આવે છે. આ ચણી બોર શરીરમાં કોપરની અછતને કારણે હાડકાં સંબંધિત સમસ્યાઓને દૂર કરવામાં અને ખાસ કરીને નબળા હાડકાંને મજબૂત બનાવવામાં અસરકારક છે. તેમાં પોલિસેકરાઈડ સોલ્ટ કાર્બોહાઈડ્રેટ હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આ મીઠા અને ખાટા ફળનું સેવન કરવાથી શરીર માસ ઈન્ડેક્સ, ચરબી અને શરીરનું વજન ઘટાડી શકાય છે. આ સિવાય ચણી બોરના અર્કમાં આવા ઘણા ગુણો છે, જે શરીરમાં રક્ત પરિભ્રમણને વધારી શકે છે. તેમાં નાઈટ્રિક ઓક્સાઈડ હોય છે જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં અસરકારક છે. આ ચણી બોરમાં એમિનો એસિડ, બાયોએક્ટિવ પદાર્થો અને એન્ટી ઓકિસડન્ટ અસર હોય છે જે કેન્સરના કોષો સામે લડવામાં સક્ષમ માનવામાં આવે છે. ચણી બોરમાં સેપોનિન નામનું તત્વ હોય છે જે ઊંઘ સુધારી શકે છે. આયુર્વેદિક ચિકિત્સકે જણાવ્યું હતું કે આ મીઠા અને ખાટા ફળનો પાવડર બનાવીને ઉકાળીને તેનું સેવન કરી શકાય છે. આ પાચન માટે અસરકારક દવા છે. તેનો ઉપયોગ પેટ સંબંધિત સમસ્યાઓમાં થાય છે.



# કોવિડ-૧૯ના વિવિધ વેરિઅન્ટ્સ (JN.1, Omicron, BA.2, BA.5) ડિસેમ્બરમાં જ કેમ જોવા મળે છે ?



(એજન્સી) તા.૩૦

૨૦૧૯ના શિયાળામાં જ્યારે દરેક લોકો નવા વર્ષની ઉજવણીની તૈયારી કરી રહ્યા હતા ત્યારે એક અનોખા વાયરસે અમારા જીવનને ઉલટાવી નાખ્યું હતું. કોરોના વાયરસ મૂળ રૂપે ચીનમાં મળી આવ્યો હતો અને ઝડપથી વિશ્વભરમાં ફેલાયો હતો, પરિણામે COVID-19 રોગચાળો શરૂ થયો હતો. સમાજના દરેક પાસાને COVID-19 ફાટી નીકળવાની અસર થઈ હતી, કારણ કે લોકોને વાયરસને ફેલાતો અટકાવવા માટે તેમના ઘરોમાં સ્વ-સંસર્ગ નિષેધ કરવાની સલાહ આપવામાં આવી હતી. લોકડાઉન એ માનસિક સ્વાસ્થ્ય ઉપર હાનિકારક અસરો ધરાવે છે, જેનાથી માનસિક સમસ્યાઓ જેમ કે તણાવ અને હતાશા તરફ દોરી જાય છે. કોવિડ-૧૯ રોગચાળો ચાર વર્ષમાં શમી ગયો છે, તેમ છતાં આ વાયરસ હજી પણ તેના તમામ ઉત્ક્રાંતિ તબક્કામાં આપણા શરીરમાં છે. એક અવલોકન પછી, એ જાણવા મળ્યું છે કે આ વિવિધ પ્રકારો ડિસેમ્બરમાં સામે આવે છે. કોરોના વાયરસના ઈતિહાસ ઉપર પાછા ફરીએ છીએ જે ૨૦૧૯ના શિયાળામાં પ્રથમ વખત ફેલાવાનું શરૂ થયું હતું. પ્રથમ કેસ જાન્યુઆરી ૨૦૨૦ના અંતમાં નોંધાયો હતો. એક વર્ષ પછી, ડિસેમ્બર ૨૦૨૧માં લોકડાઉન બંધ થયું તેના મહિનાઓ પછી, ઓમિક્રોન સામે આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૨માં કોઈ નવો મુખ્ય પ્રકાર બહાર આવ્યો ન હતો, ત્યારે BA.2 અને BA.5 જેવા સબવેરિયન્ટ્સ આવ્યા હતા જે બધાને કોરોના વાયરસની ઓમિક્રોન શાખા હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ ડિસેમ્બર, JN.1, જે કોરોના વાયરસનો પ્રકાર છે તે સામે આવ્યો છે. JN.1ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા "અન્ય પ્રકાર" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, જો કે તેનાથી સામાન્ય લોકો માટે ભય નથી. તો હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે હંમેશા ડિસેમ્બરમાં જ કેમ તેમનો ઉદ્ભવ થાય છે ? અભ્યાસોએ સંકેત આપ્યો છે કે ઠંડી, શુષ્ક શિયાળો કોવિડ -૧૯ કેસોમાં વધારો કરવામાં ફાળો આપી શકે છે. નેચર જર્નલમાં ઉલ્લેખિત એક અભ્યાસ અનુસાર, ઉત્તરી ગોળાર્ધના દેશોમાં કોવિડ-૧૯ની તીવ્ર તરંગનો અનુભવ થયો હતો કારણ કે તાપમાનમાં ઘટાડો અને સૂકી હવાને કારણે તેનો ફેલાવો વધ્યો હતો. ચીનની સિચુઆન ઈન્ટરનેશનલ સ્ટડીઝ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા પણ આવો જ સિદ્ધાંત સાબિત થયો છે. તેમના સંશોધન મુજબ, જેઓ ઠંડા વાતાવરણમાં રહેતા હતા તેઓને નિયંત્રિત, ગરમ વાતાવરણમાં રહેતા લોકો કરતા કોરોના વાયરસ થવાની વધુ સંભાવના હતી. વાયરસની નવી જાતો તે બદલાય છે અને તે અગાઉના સંસ્કરણો સામે આપણો પ્રતિકાર નબળો પડે છે.

# ઉત્તમ વ્યવસાય, ખાનગી કે સરકારી નોકરી કરવી હોય તો હવે સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓ આપ્યા વગર છૂટકો નથી

**જો તમારે ઉચ્ચ અભ્યાસ કરીને મોટા પેકેજની ખાનગી નોકરી મેળવવી હોય, વર્ગ-૧ થી માંડીને વર્ગ -૩ સુધીની નોકરી મેળવવી હોય, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે કંપની સેક્રેટરીનો વ્યવસાય કરવો હોય, આર્કીટેક્ટ તરીકે કે વકીલ તરીકે વ્યવસાય કરવો હોય તો સ્પર્ધાત્મક પરીક્ષા આપ્યા વગર છૂટકો જ નથી. વિવિધ યુનિવર્સિટીઓ હવે સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષા વગર પ્રવેશ આપતી નથી. તમારે સિવિલ સર્વિસીસમાં જવું હોય તો યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપવી પડે છે, તેવી જ રીતે જો રાજ્ય સેવામાં જોડાવું હોય તો ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપવાની રહે છે. તેવી જ રીતે બેંકીગ, વિમા કંપનીઓ, રેલવે, કેન્દ્ર સરકારની નોકરી માટે, રાજ્ય સરકારની ક્લાર્ક, તલાટી, ઈન્સપેક્ટર સહિતની પરીક્ષાઓ આપવી પડે છે. તો મિત્રો થઈ જાવ તૈયાર સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે કારણ કે એક વાત તો મનમાં નક્કી કરવી જ પડશે કે આ પરીક્ષા આપવાની જ છે અને તેની તૈયારી કરવાની જ છે. આથી તમારે અભ્યાસની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી પડશે.**



મિત્રો આજે એક એવા વિષય ઉપર વાત કરવી છે કે જો તમે ભણી ગણીને તમારા જીવનમાં સફળ કારકિર્દી બનાવવા માંગતા હો એટલે કે તમે સારામાં સારો વ્યવસાય કરવા માંગતા હો ખૂબ સારી યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને મોટા પેકેજની ખાનગી નોકરી કરવા માંગતા હોવ કે મોભાદાર સરકારી નોકરી કરવા માંગતા હોવ તો સ્પર્ધાત્મક પરીક્ષા આપ્યા વગર કોઈ જ છૂટકો નથી. હવે ઉત્તમ કારકિર્દી માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં હાજર થવું અને તેમા સારામાં સારા ગુણાંક મેળવવા તે પહેલી શરત થઈ ગઈ છે. ખાસ કરીને તમારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી તો ડગલે ને પગલે પરીક્ષા આપવાની રહે છે. તો ચાલો આજે સ્પર્ધાત્મક પરીક્ષાઓના વિદ્યાર્થી જીવનમાં મહત્વ વિશે ચર્ચા કરીશું.

**● સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાનું મહત્વ કેમ છે ?**

મિત્રો તમારે ધંધો કરવો હોય કે સામાન્ય બી. કોમ. સુધી અભ્યાસ કરવો હોય તો તમારે બહુ ચિંતા કરવી જરૂરી નથી. પરંતુ જેને ભણી ગણીને ઉત્તમ કારકિર્દી બનાવવી હોય તો તેના માટે આ ખૂબ જ મહત્વનો લેખ છે અને અવારનવાર વાંચી જવો જોઈએ. કારણ કે અત્યારે દરેક જગ્યાએ સ્પર્ધા શરૂ થઈ ગઈ છે અને તેમાં આગળ નીકળવું પણ જરૂરી છે. અત્રે આપને ખાસ વાત જણાવવાની કે, ધોરણ-૧૦ અને ૧૨ પછી કારકિર્દીની દિશા નક્કી કરીને તેને આકાર આપવાનો હોય છે. આથી તમારે આમ તો ધોરણ-૧૨ પહેલા જ વિચારી લેવાનું હોય છે કે આગળ શું કરવાનું છે પરંતુ જો તમે તેમ ના કર્યું હોય તો ત્વરિત નિર્ણય લઈને તમે કારકિર્દીમાં આગળ વધી શકો છો. પહેલા તો એવું હતું કે કોલેજોની સંખ્યા ઓછી હતી અને વિદ્યાર્થીઓ વધારે હતા. હવે તો ખૂબ જ કોલેજો શરૂ થઈ ગઈ છે અને તેની સામે શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધી ગઈ હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા પણ ખાસ્સી હોય છે. આથી પહેલાની જેમ જ તમારે સ્પર્ધાનો તો સામનો કરવો જ પડે છે. આથી ધોરણ-૧૨ અને ખાસ કરીને સાયન્સ કે કોમર્સ પછી તમારે ઉત્તમ કારકિર્દી બનાવવી હોય તો સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષા તો આપવાની રહે જ છે. જો તેની તૈયારી ધોરણ-૧૦ થી જ કરવાની હોય છે. પરંતુ જો ના કરી હોય તો પછી બીજા વિકલ્પો વિચારવાના રહે છે. રાજ્યમાં એક એકથી ચડિયાતી ખાનગી યુનિવર્સિટીઓ ઊભી થઈ ગઈ છે અને તેઓ વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપવાનો દાવો કરે છે. વળી ખાનગી યુનિવર્સિટી ઉપરાંત સરકારી કે સ્વાયત્ત યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પણ છે કે જ્યાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો હોય છે. આવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવાનું વિદ્યાર્થીઓ સપનુ સેવતા હોય છે.આથી સ્વાભાવિક છે કે, આવી સંસ્થાઓમાં પ્રવેશ માટે ભારે સ્પર્ધા હોય છે ત્યારે વિદ્યાર્થીઓ અને આવી યુનિવર્સિટીઓ બન્ને માટે અનુક્રમે ઉત્તમ કોલેજ અને ઉત્તમ વિદ્યાર્થીઓની પસંદગી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જરૂરી બની જાય છે. આથી હવે છેલ્લા એક દાયકાથી વિદ્યાર્થીઓ પોતાના નિયમિત અભ્યાસ સાથે પોતે જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાનો ધ્યેય રાખ્યો હોય ત્યાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા કે સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષા આપવા માટે અલગ ક્લાસીસ ભરતા હોય છે અથવા તૈયારીઓ કરતા હોય છે. પરંતુ જો તમે તેમ ના કર્યું હોય તો બી.એસ.સી, બી.કોમ, બીબીએ કે બે.એ.ની કોલેજમાં પ્રવેશ કરીને વ્યવસાયલક્ષી કારકિર્દી બનાવી શકો છો. ઘણા વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓ પોતાના પૈતૃક વેપારમાં જવા માગતા હોય અથવા ઘણા એવા હોય છે કે જેને માત્ર ડિગ્રી ખાતર જ અભ્યાસ કરવો હોય છે તો તેઓ પોતાની રસ ધરાવતી કારકિર્દીમાં અનુભવ અને આવડત મેળવવા માટે નોકરીમાં જોડાઈ જાય છે.

**● કઇ કઇ પ્રવેશ પરીક્ષાઓ હોય છે ?**

એક વાત અત્રે જણાવવી જરૂરી છે કે દરેક અભ્યાસક્રમ માટે પ્રવેશ પરીક્ષા હોય તે જરૂરી નથી. અમુક જગ્યાએ ધોરણ-૧૨ના માર્ક પછી મેરિટના આધારે પ્રવેશ મળી જાય છે. જો તેનું ગણિત સમજાવું તો દરેક કોર્ષમાં ખાનગીકરણ થઈ ગયું નથી. હજું પણ સરકારી યુનિવર્સિટીઓ કે તેની સાથે સંકળાયેલી સંસ્થાઓમાં પ્રવેશ કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી થાય છે. આથી તમે બી. કોમ, બીએ, બીએસીએ, લો, બીસીએ વગેરે કરો તો તમારે કેન્દ્રીયકૃત ધોરણે પ્રવેશ મેળવવાનો હોય છે અને તમારી પસંદગીની કોલેજો નક્કી કરવાની હોય છે કે જેને ચોઈસ ફિલીંગ કહેવાય છે. મેરિટના આધારે ઓટોમેટીક જે-તે કોલેજમાં પસંદગી થાય છે. સામાન્યતઃ તેના બે થી ત્રણ રાઉન્ડ હોય છે અને લગભગ મોટાભાગના વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ જતો હોય છે. હવે જો સાયન્સના વિદ્યાર્થીઓ માટે ઈજનેરીની વાત કરૂં તો તેઓને ગુજકેટ નામની પરીક્ષા આરપવાની હોય છે તે દર વર્ષે મે કે જૂન મહિના આસપાસ લેવામાં આવે છે. જેમાં મળેલા ગુણાંક અને ધોરણ-૧૨ના ગુણાંકના આધારે મેરીટ તૈયાર થાય છે અને પ્રવેશ મળે છે. તેવી જ રીતે જો તમારે તબીબી અભ્યાસ કરવો હોય તો નીટની પરીક્ષા આપવાની રહે છે અને તેમાં પણ ગુણાંકની ગણતરી કરીને મેડીકલ કોલેજમાં પ્રવેશ નક્કી થતો હોય છે. આમ આ તો થઈ ઈજનેરી અને તીબીબી માટે અનુક્રમે ગુજકેટ અને નીટની પરીક્ષાની વાત. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને ખાનગી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો હોય તો અત્યારે ઘણી યુનિવર્સિટીઓ પોતાની રીતે પ્રવેશ પરીક્ષા લે છે અને તે ખાસ્સી અઘરી હોય છે અને ભારે સ્પર્ધા હોય છે. તેના માટે મજબૂત તૈયારી કરવી જરૂરી છે. ધારો કે તમારે સેપ્ટ યુનિવર્સિટીમાં કે ટોચની આર્કીટેક્ચર કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો તેની નેશનલ એપ્ટીટ્યુડ ટેસ્ટ ઈન આર્કીટેક્ચર (નાટા)ની પરીક્ષા આપવાની રહે છે. તેવી જ રીતે જો તમારે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈના અલગ-અલગ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવો હોય તો **NID Design Aptitude Test** આપવાની રહે છે અને ભારતભરના વિદ્યાર્થીઓ તેમાં સ્પર્ધા કરતા હોય છે. રાષ્ટ્રીય કક્ષાની લો યુનિવર્સીટીમાં પાંચ વર્ષનો કાયદાનો અભ્યાસ કરવો હોય તો **Common Law Admission Test (CLAT)**ની પરીક્ષા આપવાની રહે છે. તેવી જ રીતે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ માટે જેઈઈની પરીક્ષા આપવાની રહે છે. આ ઉપરાંત જો ગુજરાતમાં આવેલી ખાનગી યુનિવર્સિટીઓ કે શૈક્ષણિક સંસ્થાઓની વાત કરૂં તો ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ ટેકનોલોજી, પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી વગેરે સંસ્થાઓમાં પ્રવેશ માટે પોતાની આગવી પરીક્ષાઓ હોય નથી અને બોર્ડની પરીક્ષા આપ્યા પછી પણ આ એક મહત્ત્વનો પડાવ પસાર કરવાનો હોય છે. તો જ તમને સફળતાનો રસ્તો મળી શકે છે બાકી ખોવાઈ ગયા જેવો અનુભવ થાય છે.

**● વ્યવસાય અને સરકારી નોકરીઓ માટે પણ પ્રવેશ પરીક્ષા**

સારી સરકારી નોકરીઓ મેળવવી હોય તો પણ પ્રવેશ પરીક્ષા હોય છે. વર્ગ-૧થી માંડીને વર્ગ -૩ સુધીની નોકરી મેળવવી હોય તો તમારે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે. દાખલા તરીકે તમારે સિવિલ સર્વિસીસમાં જવું હોય તો યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપવી પડે છે, તેવી જ રીતે જો રાજ્ય સેવામાં જોડાવું હોય તો ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપવાની રહે છે. તેવી જ રીતે બેંકીગ, વિમા કંપનીઓ, રેલવે, કેન્દ્ર સરકારની નોકરી માટે, રાજ્ય સરકારની ક્લાર્ક, તલાટી, ઈન્સપેક્ટર સહિતની પરીક્ષાઓ આપવી પડે છે. તમારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે કંપની સેક્રેટરીનો વ્યવસાય કરવો હોય, આર્કીટેક્ટ તરીકે કે વકીલ તરીકે વ્યવસાય કરવો હોય તો સ્પર્ધાત્મક પરીક્ષા આપ્યા વગર છૂટકો જ નથી. તો મિત્રો થઈ જાવ તૈયાર સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે કારણ કે એક વાત તો મનમાં નક્કી કરવી જ પડશે કે આ પરીક્ષા આપવાની જ છે અને તેની તૈયારી કરવાની જ છે. આથી તમારે અભ્યાસની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી જ પડશે. છે.

# થર્ટી ફર્સ્ટને લઈ ગીર સોમનાથ જિલ્લાની સંઘપ્રદેશ દિવને જોડતી બોર્ડર તથા ચેક પોસ્ટો ઉપર જિલ્લા પોલીસએ ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરી ચેકીંગ હાથ ધર્યુ

## ભૂતકાળમાં દિવમાં ઉજવણી કરવા આવતા પ્રવાસીઓ ડ્રીંક કરીને નીકળી અકસ્માત સર્જતા હોવાથી જિલ્લા પોલીસે ખાસ આયોજન કર્યુ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩૦

થર્ટી ફસ્ટને લઈ સંઘ પ્રદેશ દિવ સાથે ગીર સોમનાથ જિલ્લાની બોર્ડરની ચેક પોસ્ટો ઉપર જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. દિવમાંથી નવા વર્ષની ઉજવણી કરીને નીકળતા પીધેલાઓનો નશો ઉતારવા અત્યારથી જ જિલ્લા પોલીસએ સઘન ચેકીંગ હાથ ધરી છે. જિલ્લાના સંઘપ્રદેશ દિવને જોડતા હાઈવે ઉપર ડ્રીંક એન્ડ ડ્રાઈવ કરતા ચાલકો અકસ્માત સર્જે નહીં તે માટે માઉથ એલઝરથી સજ્જ થઈ પોલીસ વાન સાથે સ્ટાફએ ચેકીંગ હાથ ધરવાનું શરૂ કર્યુ છે.

વર્ષ ૨૦૨૩ ને બાય બાય અને ૨૦૨૪ વર્ષને વેલકમ કરી આવકારવા માટે સંઘ પ્રદેશ દિવમાં થર્ટી ફસ્ટને લઈ મોટી સંખ્યામાં પ્રવાસીઓનો જમાવડો થતો હોય છે. સહેલાણીઓ દિવમાં દારૂ, બિયરની હર્ષોઉલ્લાસથી મોજ માણી રહયા હોય છે એક તરફ પ્રવાસીઓ દિવમાં આવવાની તૈયારી કરી રહ્યા હોય છે ત્યારે બીજી તરફ ગીર સોમનાથ પોલીસે પણ તૈયારી કરી લીધી છે. કેમ કે, દિવથી ડ્રીંક (નશો) કરી ગુજરાતમાં ગીર સોમનાથ જિલ્લામાં આવતા વાહન ચાલકો હાઈવે ઉપર અકસ્માતો સર્જી રહયા છે એટલું જ નહીં ઘણી વખત વિદેશી દારૂની ખેપ મારી વિદેશી દારૂનો જથ્થો ઘુસાડતા હોવાના લીધે ગીર સોમનાથ જિલ્લાની પોલીસ સજ્જ બનીને દિવને જોડતા જિલ્લાના ઉના તાલુકાના તડ અને માંડવી ચેક પોસ્ટ ઉપર વધારાનો પોલીસ સ્ટાફ તૈનાત કરી બાજ નજર રાખી રહી છે. આ ઉપરાંત જિલ્લાના હાઈવે ઉપર અનેક સ્થળોએ ચેક પોસ્ટો ઉભો કરી વાહન ચેકીંગની કામગીરી આજથી જ શરૂ કરી દેવામાં આવી છે. આ અંગે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે, થર્ટી ફસ્ટના દિવસોમાં દિવથી ગીર સોમનાથના હાઈવે ઉપર આવન જાવન કરતા પ્રવાસીઓના વાહનોનું સઘન ચેકીંગ અને ડ્રિંક કરી ડ્રાઈવ કરતા લોકોને ઝડપી લેવા ખાસ સઘન ચેકીંગ કરવા સુચના આપવામાં આવી છે. દિવને જોડતી બંન્ને ચેક પોસ્ટો ઉપર કડક ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે.

પોલીસ સ્ટાફએ માઉથ બેલેઝર મશીન થકી ડ્રીંક કરીને ડ્રાઈવ કરતા ચાલકોને પકડવામાં આવશે. આવા લોકો સામે ડ્રીંક એન્ડ ડ્રાઈવ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની સુચના આપી છે. લોકોને પણ ડ્રીંક ન કરવા અપીલ છે.

# વેરાવળ રેજન્ટા હોટલની બાંધકામ સાઈટના પાંચમાં માળે પ્લાસ્ટર કરતા બે મજુરો નીચે પટકાયા, એકનું મોત અને બીજો ગંભીર રીતે ઘાયલ

## બહુમાળી બાંધકામમાં મજુરોની સેફટીને લઈ ગંભીર બેદરકારી સામે આવતા તંત્રએ તપાસ હાથ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩૦

વેરાવળ સોમનાથ બાયપાસ ઉપર આવેલ એક ખાનગી હોટલની બાંધકામ સાઈટ ઉપર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક શ્રમિક યુવકનું કમકમાટી ભર્યું મોત નીપજેલ જ્યારે એક શ્રમિકને ગંભીર ઈજા સાથે સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે બાંધકામ સાઈટ ઉપર મજૂરીની સેફટી અંગે બેદરકાર દાખવવામાં આવી હોવાનું લોકોમાં ચર્ચાય રહ્યુ છે. હાલ આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. આ કરૂણ ગંભીર દુર્ઘટનાની પ્રાપ્ત વિગતોનુસાર, સોમનાથ બાયપાસ ઉપર આવેલા હોટલ રેજન્ટામાં વધારાનું રૂમો બનાવવાની બાંધકામ સાઈટ ચાલી રહેલી છે. દરમ્યાન આજે સવારે બાંધકામ સાઈટ ઉપર પાંચમાં માળે પ્લાસ્ટરનું કામ કરી રહેલા બે મજુરો અકસ્માતે ઉપરથી નીચે પટકાયા હતા ત્યારે મજુરો ઉપર માથેથી પથ્થરો પડતા અરવિંદ દેવા ગઢીયા નામના ૪૫ વર્ષીય શ્રમિક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતુ જ્યારે અન્ય એક શ્રમિકને ગંભીર ઈજાઓ પહોચી હતી. જેથી બંન્ને મજુરોને સારવાર અર્થે તાત્કાલીક સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબિબે અરવિંદ ગઢીયાને મૃત અને બીજાની સારવાર શરૂ કરી હતી. અકસ્માત થયેલ તે બાંધકામ સાઈટ ઉપર મજુરોની સેફટીને લઈ ગંભીર ચૂક જોવા મળતી હતી. જેમાં સાઈટ ઉપર પાંચમાં અને છઠ્ઠા માળ સુધીની ઉંચાઈ ઉપર કામ કરતા મજુરોની સેફટી માટે કોઈજાતની સુરક્ષા રાખવામાં આવતી ન હોવાનો ગણગણાટ અન્ય મજુરોમાં થઈ રહ્યો હતો. જો કે અકસ્માતમાં શ્રમિક યુવકના મોત પાછળ કોન્ટ્રાકટરની ગંભીર બેદરકારી હોવાનું પણ ચર્ચાઈ રહ્યુ હતુ. આ દુર્ઘટના પાછળના જવાબદારો સામે કડક કાર્યવાહીની માગ ઉઠી છે. આ અકસ્માતને પગલે શ્રમિક પરીવારમાં શોકનું માતમ છવાઈ ગયુ હતુ. આ ઘટનાનની જાણ થતા સ્થળ ઉપર દોડી આવેલ પોલીસ તપાસ હાથ ધરી છે.

# દ્વારકા જિલ્લામાં ફિશરીઝ વિભાગના નિયમોનું ઉલ્લંઘન કરીને માછીમારી કરતાં ચાર શખ્સો સામે કાર્યવાહી

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩૦

ગુજરાત રાજ્યમાં દેવભૂમિ દ્વારકા જિલ્લો સૌથી છેવાડાનો જિલ્લો છે અને અગાઉ દાણચોરી તેમજ હેરાફેરી માટે આ વિસ્તાર કુખ્યાત બની રહ્યો હતો. દેવભૂમિ દ્વારકા સાથે સમગ્ર દેશની સુરક્ષાને વધુ સુદ્રઢ બની રહે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ નિતેશ પાંડેય દ્વારા દરિયાઈ પેટ્રોલિંગ પર ભાર આપવામાં આવ્યો છે.



જે ગઈકાલે શુક્રવારે અંતર્ગત "બોટ ચેકિંગ કોમ્બિંગ"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૮૩ બોટ બોટ ચેક કરવામાં આવી છે. ગઈકાલે શુક્રવારે ખંભાળિયા તાલુકાના સલાયા વિસ્તારમાં આવેલા શફી ઢોરો ખાતે સદામ હુસેન સુંભણીયા (ઉ.વ. ૨૨, રહે. બારલો વાસ) નામના માછીમાર શખ્સ દ્વારા અલ ફૈઝે વીરા નામની ફિશીંગ બોટમાં ત્રણ વ્યક્તિઓના ટોકન મેળવીને ચાર વ્યક્તિઓ જતા અને એક વ્યક્તિ ટોકન વગર માછીમારી કરતાં આ અંગે સલાયા મરીન પોલીસ મથકમાં સદામ હુસેન સામે ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા અધિનિયમ મુજબ ગુનો નોંધાયો છે.

અન્ય કાર્યવાહીમાં દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં આવેલા લેન્ડિંગ પોઈન્ટ ખાતેથી આમદ ગફુર ભેસલીયા (ઉ.વ. ૩૫) અને અબ્દુલ હુસેન ઈસબાની (ઉ.વ. ૪૫) નામના બે શખ્સોને ટોકન લીધા વગર માછીમારી કરતાં પોલીસે ઝડપી લીધા હતા.

ઓખાના પોશીત્રા ગામ ખાતેથી ઉમર અજીજ સોઢા (ઉ.વ. ૩૮, રહે. બર્માસલ ક્વાર્ટર)ને જુના ટોકન મુજબ માછીમારી કરતાં પોલીસે ઝડપી લઈ તેની સામે ગુનો નોંધ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયામાં માછીમારી કરતા માછીમારો તથા બોટ સંચાલકો ફિશરીઝ વિભાગના નિયમનું પાલન કરે તેવી અપીલ સાથે જો કોઈ વ્યક્તિને કોઈ પણ અજાણી બોટ અથવા આ અંગે શંકાસ્પદ હિલચાલ જણાય તો સ્થાનિક પોલીસનો સંપર્ક સાધવા પોલીસ અધિક્ષક દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભાણવડ તાલુકાના ગુંદા ગામે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાનો એકપણ નાગરિક કેન્દ્ર-રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓથી વંચિત ન રહી જાય તેવા ધ્યેયમંત્ર સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામે ગામ લોકસંદેશો પાઠવતી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ભ્રમણ કરી રહી છે. ભાણવડ તાલુકાના ગુંદા ગામે આ યાત્રા આવી પહોંચતા પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષતામાં તેમજ સાંસદશ્રી પુનમબેન માડમની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે વિવિધ યોજનાઓની માહિતી નાગરિકોને સ્ટોલ્સ, પ્રદર્શની, રથ થકી પુરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા આ યાત્રાના માધ્યમ થકી ૧૭ જેટલી યોજનાઓની માહિતી આપવામાં આવી રહી છે. આ યાત્રાનો ઉદ્દેશ સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ પાત્રતા ધરાવતા નાગરિકોને ઘર આંગણે જ લાભ મળી રહે તે છે. ત્યારે આપણે પોતે પણ જાગૃત બનીએ એમ ઉમેરી અંતે તેમણે વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ તકે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, તા. ૧૫ નવેમ્બરથી સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભ્રમણ કરી રહી છે. સરકારશ્રીની મહત્વની ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓનો લાભ સ્થળ પર જ મળી રહે તે આ યાત્રાનો ઉદ્દેશ્ય છે. લાભાર્થીઓને તેમના બેંક ખાતામાં જ સીધી સહાય મળી રહી છે. દરેક નાગરિક સાથે મળી




તાલુકાના અંદાજીત રૂ. ૪.૦૭ કરોડના પ્રકલ્પોનું ઈ લોકાર્પણ તેમજ ઈ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભો વિતરણ કરવામાં આવ્યા હતા. શાળાના બાળકો દ્વારા સ્વાગત ગીત, 'ધરતી કહે પુકાર કે' નુક્કડ નાટક રજુ કરાયું હતું.

મેરી કહાની મેરી ઝુબાની થીમ હેઠળ સરકારશ્રીની વિવિધ યોજનાના લાભોથી પ્રભાવિત લાભોના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ. ડી. ધાનાણી, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી અનિલભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના લુણાભા સુમાણીયા, અગ્રણીશ્રી પી.એસ.જાડેજા, વી. ડી. મોરી, વનરાજભા માણેક, હિતેશભાઈ પિંડારિયા, ગોવિંદભાઈ કનારા, દેવશીભાઈ કરમૂર, જયશ્રીબેન, મગનભાઈ, ભરતભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# પવિત્રધનુર્માસ-શનિવાર નિમિતે શ્રી કષ્ટભંજનદેવને દિવ્ય શણગાર એવં વૈદિક ગ્રંથોનું દર્શન



સાળંગપુર તા.૩૦

શ્રી વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર ધનુર્માસ-શનિવાર નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ધનુર્માસ અંતર્ગત તા. ૩૦-૧૨-૨૦૨૩ને શનિવારના રોજ દાદાને દિવ્ય શણગાર એવં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ,અથર્વવેદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, વચનામૃત, રામાયણ વિગેરે ગ્રંથો ધરાવી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ તેમજ મંદિરના પટાંગણમાં સમગ્ર પવિત્ર ધનુર્માસ નિમિતે શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન કરવામાં આવેલ અને મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ હતો.

# જૈન સમાજના રાષ્ટ્રીય સંત આચાર્ય સંજય મુનિ મહારાજે દ્વારકાધીશને શિશ ઝુકાવ્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩૦

જૈન સમાજના રાષ્ટ્રીય સંત આચાર્ય સંજય મુનિ મહારાજ યાત્રાધામ દ્વારકા પધાર્યા હોય તેઓએ જગતમંદિરમાં કાળિયા ઠાકોરના દર્શન કરી દ્વારકાધીશને શિશ ઝુકાવ્યું હતું તેમની સાથે દેવસ્થાન સમિતિના કમલેશભાઈ શાહ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા આચાર્ય સંજય મુનિ મહારાજ રાજ્યના અતિથિ વિશેષનુ બિરૂદ ધરાવે છે અને અનેક રાજ્યોમાં અનેક પદોથી વિભૂષિત થયા છે



જગતમંદિરમાં ઠાકોરજીના દર્શન બાદ મુનિ મહારાજે દેવસ્થાન સમિતિની પણ મુલાકાત લીધી હતી

# કોડીનારમાં વીજ ચેકીંગ ટીમ ઉપર બે ભાઈઓ દ્વારા થયેલ હુમલો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૩૦

કોડીનારના વિરાટનગર વિસ્તારમાં વીજ ચેકીંગ કરવા ગયેલ ટીમ ઉપર બે ભાઈઓ એ હુમલો કરતા કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઈ છે. આ અંગે ગીર ગઢડા સબ ડીવિઝન ના જુનિયર ઇજનેર જયદિપભાઇ વાલજીભાઇ ટાંકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ કોડીનાર ના વિરાટનગર વિસ્તારમાં વીજ ચેંકિંગની કામગીરી કરી રહ્યા હોય ત્યાં એક મકાનમાં વીજ ચેકિંગ કરી દરમ્યાન વીજ ચોરી થયેલ હોવાનું જણાઈ આવતા અમો મકાનમાં વીજ વાયરો ચેક કરવા માટે જતા હતા તે વખતે ત્યાં હાજર સલીમ ઉમર હાલાઈ અને ફેઝલ ઉમર હાલાઈ એ વીજ ટીમ ને વીજ ચેકિંગ કરવા ન દઈ જેમ ફાવે તેમ ગાળો ભાંડી ઉશ્કેરાઈ જઈ માર મારી ફરજ માં રૂકાવટ કર્યા ની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.


ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર

"ઇ" પ્રોક્યુરમેન્ટ નોટીશ નં. ૦૯ સને ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨, બ્લોક નં.૨, સાંદિપની રોડ, (ફોન નં.૨૨૨૦૫૦૩)પોરબંદરની કચેરી દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઓન ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે અને ટેન્ડરો આ સાઇટ પર ઓન લાઇન ભરવાના રહેશે.

| ક્રમ નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ રૂા. (૨) બાનાની રકમ રૂા. (૩) ટેન્ડર ફી. (૪) સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | કેરી આઉટ સર્વે & પ્રિપેરેશન ઓફ ડીટેઇલ પ્લાન, પ્રપોઝલ ફોર લેન્ડ એક્વીઝીશન એન્ડ ડીમાર્કેશન ઓફ પી.આર.ઓ.ડબલ્યુ./આર.ઓ. ડબલ્યુ. એઝ પર લેન્ડ એક્વીઝીશન પ્લાન, ફોરેસ્ટ ક્લીયરન્સ, જીયોલોજીકલ મેપીંગ, સ્ટ્રકચર ડીઝાઈન, એસ્ટીમેટ, ડ્રોઈંગ, ડીટીપી, ટેન્ડર પેપર, ઈટીસી. ફોર વેરીયસ વર્ક રીક્વાયર્ડ અન્ડર જ્યુરીડીકશન ઓફ સેલીનીટી કન્ટ્રોલ ડીવીઝન પોરબંદર (યુનિટ રીઈટ-૨૦૨૩) | (૧) — (૨) ૫૦,૦૦૦.૦૦ (૩) ૬૦૦.૦૦ (૪) ૧૨ માસ |

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ભરવાની તારીખ અને સમય | તા. ૦૧-૦૧-૨૦૨૪ થી તા. ૧૫-૦૧-૨૦૨૪ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૨-૦૧-૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધીમાં કાર્યપાલક ઇજનેરશ્રી ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨, ગ્રાઉન્ડ ફ્લોર, બ્લોક નં.૨ સાંદિપની રોડ, પોરબંદર ૩૬૦ ૫૭૭ |
| ઓનલાઇન પ્રાઇસ બીડ ખોલવાની તારીખ અને સમય | તા ૧૬-૦૧-૨૦૨૪ રોજ બપોરના ૧૨:૦૦ કલાકે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ક્ષાર અંકુશ વિભાગ, બ્લોક નં.૨, ગ્રાઉન્ડ ફ્લોર, બ્લોક નં.૨ સાંદિપની રોડ, પોરબંદર ૩૬૦ ૫૭૭ |

નોંધ: ૧) હવે પછી જે કાંઇ સુધારો થશે તે ઓનલાઇન સુધારો કરવામાં આવશે.
૨) વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in અને www.tender.nprocure.com વેબસાઇટ જોવા વિનંતી.

માહિતી/પોરબા x ખ / ૨૪૩ /૨૦૨૩


# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સરક્યુલર પોલિમર્સ માટે કેમિકલ રિસાઈક્લિંગનો ઉપયોગ કરનારી ભારતની પહેલી કંપની

## આ નવું સંશોધન ભારતમાં પ્લાસ્ટિક કચરો ઘટાડીને સરક્યુલર ઈકોનોમીને સહાયરૂપ થવામાં કંપનીની વચનબદ્ધતાની સાક્ષી પૂરે છે




(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૩૦

વિશ્વના સૌથી મોટા અત્યાધુનિક રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ સંકુલની ઓપરેટર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) પ્લાસ્ટિકના કચરા-આધારિત પાયરોલિસિસ ઓઈલનું ઈન્ટરનેશનલ સસ્ટેઈનિબિલિટી એન્ડ કાર્બન સર્ટિફિકેશન (ISCC)- પ્લસ સર્ટિફાઈડ સરક્યુલર પોલિમર્સમાં રાસાયણિક રિસાઈક્લિંગ કરનારી ભારતની પ્રથમ કંપની બની છે. આ નવું સંશોધન ભારતમાં પ્લાસ્ટિક કચરાને ઘટાડીને સરક્યુલર ઈકોનોમીનું સમર્થન કરવામાં RILની વચનબદ્ધતાની ગવાહી આપે છે. RIL દ્વારા સરક્યુરેપોલન (પોલિપ્રોપિલિન) અને સરક્યુરેલેનન (પોલિઈથેલિન) નામના ISCC- પ્લસ પ્રમાણિત સરક્યુલર પોલિમર્સની પહેલી બેચને રવાના કરી દેવાઈ છે. RIL દ્વારા પ્લાસ્ટિક કચરાનું સ્પેશિયલ સરક્યુલર પોલિમર્સમાં રૂપાંતરણ કરીને પ્લાસ્ટિકને રિસાઈકલ કરવા નવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ભારતમાં નવો રસ્તો ખોલાયો છે. આનાથી પર્યાવરણ ઉપર પણ હકારાત્મક અસર જોવા મળશે. કેમિકલ રિસાઈક્લિંગ જેવી નવતર પદ્ધતિઓ દ્વારા RILએ પર્યાવરણની જાળવણી પ્રત્યે પોતાની વચનબદ્ધતાને દર્શાવી છે જેનાથી સરક્યુલર ઈકોનોમીની રચનામાં મદદ મળશે. કંપની પ્લાસ્ટિક કચરાને ઘટાડવાના સ્માર્ટ ઉપાયોને શોધવા તેમજ બીજાને પણ હરિયાળા ભવિષ્ય તરફની આ સફરમાં જોડાવા પ્રેરિત કરવામાં દ્રઢપણે માને છે.

સરક્યુરેપોલન અને સરક્યુરેલેનનની ડિઝાઈન સરક્યુલર ઈકોનોમી પ્રણાલિનું નેતૃત્વ કરવા માટે બનાવાઈ છે. ઈંની જામનગર રિફાઈનરી ISCC-પ્લસ સર્ટિફિકેશન મેળવનારી પ્રથમ રિફાઈનરી બની છે, જેણે પૂરવાર કર્યું છે કે, કેમિકલ રિસાઈક્લિંગ દ્વારા તે સરક્યુલર પોલિમર્સને ઘટાડી શકે છે. ISCC-પ્લસ સર્ટિફિકેશન સરક્યુલર પોલિમર્સ બનાવવામાં ટ્રેસેબિલિટી તેમજ નિયમોના અનુસરણની ગેરન્ટી આપે છે. RIL દ્વારા એવી ટેકનોલોજી વિકસાવાઈ છે જે સિંગલ-યુઝ તથા મલ્ટિ-લેયર્સ પ્લાસ્ટિક્સ સહિતના પ્લાસ્ટિક કચરાનું પાયરોલિસિસ ઓઈલમાં રૂપાંતરણ કરે છે. કંપની વિશ્વાસુ ભાગીદારો સાથે મળીને આ ઓઈલનું ઉત્પાદન અને તેના બદલામાં સરક્યુલર પોલિમર્સમાં ઉપજ વધારવા માટે કાર્યરત છે. કેમિકલ રિસાઈક્લિંગના ઘણા લાભો છે, જેમાં નવા પ્લાસ્ટિક માટે પ્લાસ્ટિકના કચરાના હાઈ-ક્વોલિટી મટિરિયલમાં રૂપાંતરણ સહિતનાનો સમાવેશ થાય છે. આ મટિરિયલનો આહારના સંપર્કમાં આવતા પેકેજિંગ માટે ઉપયોગ કરાઈ શકે છે.

# જૂનાગઢ શહેર તથા જીલ્લામાં થર્ટી ફર્સ્ટને લઇને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત





**શહેરમાં વિવિધ વિસ્તારોમાં ગઈકાલે ફૂટ પેટ્રોલિંગ કરાયું : ૩૧ ડિસેમ્બરની સાંજથી જ સઘન ચેકિંગ સાથે ડ્રગ્સ ડિટેકટ કિટનો પણ ઉપયોગ કરાશે**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલ તા.૩૧ ડિસેમ્બર થર્ટી ફર્સ્ટની ઉજવણીનો માહોલ સર્જાયો છે અને ઠેકઠેકાણે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે તો બીજી તરફ જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ થર્ટી ફર્સ્ટને લઈને પુર્વ તૈયારીના ભાગરૂપે ચુસ્તબંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન હેઠળ શહેર અને જીલ્લામાં પણ પોલીસની ટુકડીઓ તૈનાત છે અને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

આવતીકાલ તા.૩૧ ડિસેમ્બરને લઈ પોલીસ એક્શન મોડમાં જોવા મળી રહી છે. ત્યારે ન્યુ યરની ઉજવણીમાં લોકો દારૂ કે ડ્રગ્સનો નશો ન કરે જેને લઈને જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી અને પીઆઈ, પીએસઆઈ સહિતના અધિકારીઓ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. તેમજ આવતીકાલ ૩૧ ડિસેમ્બરની સાંજથી જ જિલ્લા પોલીસ તંત્રની જુદી જુદી ટીમો દ્વારા વાહન ચેકિંગ તેમજ સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવશે. પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરની સાથે ડ્રગ્સ ડિટેકશન કીટનો પણ ઉપયોગ કરીને નશો કરેલા શખ્સો સામે કડક કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસની જુદી જુદી ટીમોની સાથે મહિલાની સી ટીમ દ્વારા મહિલાઓની અવર-જવર વાળા વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવશે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે આગામી થર્ટી ફર્સ્ટને લઈ જૂનાગઢ શહેરના રસ્તા ઉપર ફૂટ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ શહેરના ડીવાયએસપી અને તમામ ડિવિઝનના પીએસઆઈ આ ફૂટ પેટ્રોલિંગ કર્યુ હતું. આવતીકાલ તા.૩૧માં સાંજના ૬ વાગ્યાથી શરૂ કરી મોડી રાત સુધી શહેર તથા સમગ્ર જિલ્લાના તમામ પોઈન્ટ ઉપર વાહન ચેકિંગ કરવામાં આવશે. ખાસ કરીને આ ચેકિંગ દરમિયાન પોલીસ દ્વારા ડ્રગ્સ ડિટેકશન કીટનો ઉપયોગ કરવામાં આવશે.શહેરના જે વિસ્તારોમાં મહિલાઓની અવરજવર થતી હોય ત્યાં પોલીસની સી ટીમ કાર્યરત રહેશે. તેમજ પોલીસની અલગ અલગ ટીમો દ્વારા શહેરમાં મોડી રાત સુધી પેટ્રોલિંગ કરવામાં આવશે. ત્યારે કોઈપણ વ્યક્તિ નશાની હાલતમાં મળી આવે કે બાઈક દ્વારા સ્ટંટ કરે તેવા લોકો વિરૂદ્ધ પોલીસ કડકમાં કડક પગલાં લેશે. જૂનાગઢ જિલ્લા મથકમાં મોડી રાત સુધી પોલીસની અલગ અલગ ટીમો દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવશે. જૂનાગઢ શહેર તેમજ જિલ્લામાં જે જગ્યાએ અગાઉ ગુના નોંધાયા છે. તેવી જગ્યાઓ ઉપર પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરની સાથે ડ્રગ્સ ડિટેકશન કીટનો પણ ઉપયોગ કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

# જૂનાગઢમાં ભારતીય કિસાન સંઘની જંગી જાહેરસભા

## ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો તેમજ નગરજનોના પ્રશ્ને વિશાળ રેલી યોજી અને કલેકટર તેમજ મ્યુ. કમિશ્નરને આવેદનપત્ર અપાયું





(તસ્વીર : જયેશ મહેતા)

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં આજે ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોના પ્રશ્ને વિશાળ સભા યોજવામાં આવી છે તેમજ રેલી સ્વરૂપે જઈ અને જૂનાગઢ જીલ્લા કલેકટર તેમજ મહાનાગરપાલિકાના કમિશ્નરનો આવેદનપત્ર પાઠવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ તેમજ ખેડૂતો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ મ્યુ.ના નવા વિસ્તારોમાં ટીપી સ્કિમ અમલમાં આવતા ઝાંઝરડા, જોષીપરા, સુખપુર, ટીંબાવાડી સહિતના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. મ્યુ. કોર્પોરેશન આવ્યું તે દરમ્યાન ૨૦ વર્ષમાં જુની ટીપી સ્કિમનો કોઈ અમલ થયો નથી. આ ટીપીના જાહેર રસ્તાઓ અને કોમન પ્લોટમાં બેફામ ગેરકાયદે બાંધકામો થયા છે તે વ્યવસ્થિત કે દુર કરવાને બદલે કેટલાક બિલ્ડરોને ફાયદો કરાવવા માટે મ્યુ.માં ભડેલા ગામડાઓની જમીનમાં ટીપી સ્કિમનો અમલ શરૂ કરાય તો ખેડૂતોની ૪૦ ટકા જમીન કપાઈ જાય તેમજ ઘણા ખેડૂતોની તો લગભગ બધી જ જમીન જતી રહે અને કપરી સ્થિતિમાં ખેડૂતો મુકાયા છે ત્યારે ભારતીય કિસાન સંઘ દ્વારા ટીંબાવાડી, સુખપુર, જોષીપરા અને ઝાંઝરડા ખાતે સભા-રેલી અને આવેદનપત્ર અપાયા છે. દરમ્યાન જૂનાગઢ શહેરના પણ અનેક પ્રશ્નો તેમજ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોના ઉપરોકત પ્રશ્નોને લઈને આજે જૂનાગઢ શહેરમાં આવેલ ઝાંસીની રાણી સર્કલ ખાતે ૧૦:૩૦ કલાકે એક જંગી જાહેર સભા યોજવામાં આવી હતી અને બાદમાં એક વિશાળ રેલી યોજવામાં આવી હતી અને કલેકટર અને મ્યુ. કમિશ્નરને એક આવેદનપત્ર આપી આ પ્રશ્નો અંગે તત્કાલ ઘટતી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# મેંદરડા પોલીસની ઉમદા કામગીરી : વોંકળામાંથી મળી આવેલ બાળકીનો પરિવારનો સોંપી



જૂનાગઢ તા.૩૦

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનીરીક્ષક નિલેશ ઝાઝંડીયા તથા જૂનાગઢ જીલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ જૂનાગઢ જીલ્લામાં પીડિત મહીલાઓને તથા બાળકોને તુરત જરૂરી મદદ તથા સુરક્ષા મળી રહે તે માટે સી ટીમ કાર્યરત કરવા સુચના કરેલ હોય જે અંગે મેંદરડા પોલીસ સ્ટેશનમાં પણ સી ટીમ કાર્યરત હોય અને નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યા તથા પીએસઆઈ વાય.પી.હડીયાના જરૂરી માર્ગદર્શન હેઠળ તા.૨૯/ ૧૨/૨૦૨૩ કલાક ૧૮/૩૦ વાગ્યે પો.હેડ કોન્સ ડી. એન. ગળચર નાઓ તથા પો.કોન્સ રાજેશભાઈ પરમાર તથા સી ટીમ ના માણસો પો.સ્ટે ખાતે હાજર હોય તે દરમ્યાન ડેમાભાઈ બસાભાઈ ઠાકોર તથા તેઓના પત્ની જીંદલીબેન વા/ઓ ડેમાભાઈ ઠાકોર રહે- મુળ મેળીમાતા ગામ તા.રાજપુરી જી.બડવાની હાલ રહે- સંજયભાઈ પોપટભાઈ ખરેલીયા રહે-મેંદરડા વાળાની વાડીએ હોટલ અન્નપુર્ણા પાછળ મેંદરડા સાસણ રોડ વાળાઓ બન્ને પો.સ્ટે આવેલ અને વાત કરેલ કે પોતાની દીકરી નામે જ્યોતીબેન ડો/ઓ ડેમાભાઈ ઠાકોર ઉ.વ.- ૦૯ વાળી પોતાના ઘરેથી સાંજના છએક વાગ્યાથી રમતા રમતા ક્યાંક જતી રહેલ છે. જે બાબતે જાણ કરતા તુરંત જ પો. હેડ. કોન્સ ડી. એન. ગળચર તથા પો.કોન્સ રાજેશભાઈ પરમાર તથા સી ટીમ ના માણસોએ સદર જગ્યાએ પહોચી જરૂરી તપાસ કરતા બાજુના ખેતરમાં આવેલ વોકળામાંથી ગભરાયેલ હાલતમાં મળી આવેલ જેઓને સદર જગ્યાએ આવવા બાબતે પુછતા પોતે રમતા રમતા આવેલ હોય અને અંધારાના કારણે ડરી ગયેલ હોવાનું જણાવેલ જેથી તુરંત જ આ જ્યોતીબેન ઉ.વ.-૦૯ વાળાને પોતાના માતા-પિતા સાથે પો.સ્ટે ખાતે લાવી તેઓની તથા તેઓના માતા પિતાની જરૂરી પુછપરછ કરી તેઓના માતા-પિતાને સોંપી આપી ઉમદા કામગીરી કરેલ છે

આ કામગીરીમાં PSI વાય.પી. હડીયા, HC ડી એન ગળચર, PC રાજેશભાઈ વિજયભાઈ પરમાર, PC અનિલભાઈ બી. જમોડ, PC ગીતાબેન કે. ડોડીયા (સી ટીમ), PC કંચનબેન કે. બારીયા (સી ટીમ), PC મનાલીબેન કે. પરમાર (સી ટીમ) સાથે મળી કામગીરી કરેલ છે.

## મેંદરડા તાલુકાના સમઢીયાળા ગામે કુવામાં પડી જતા ડુબી જવાથી યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

મેંદરડા તાલુકાના સમઢીયાળા ગામે વાડીમાં આવેલા કુવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી યુવાનનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, મુળ ઉપલેટા તાલુકાના મોજીરા ગામના રહેવાસી હિરેનભાઈ રામદેભાઈ મારડીયા(ઉ.વ.૧૮) કે જેઓ હાલ સમઢીયાળા માનસીક વિકલાંગ બાળકોની સંસ્થા ગંગેડી આશ્રમમાં રહેતા હોય અને માનસિક વિકલાંગ હોય છેલ્લા પાંચ વર્ષથી આ આશ્રમમાં રહેતા હતા. દરમ્યાન ગઈકાલે બપોરે ૧૧:૩૦ વાગ્યે પોતાની મેળે આશ્રમમાંથી બહાર નીકળી જઈ આશ્રમ નજીક આવેલ ગોપાલભાઈ રણછોડભાઈ રાજાણીની વાડીના કુવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી તેમનું મૃત્યું થયું છે. મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જૂનાગઢમાં બિમારીથી કંટાળી કપડા ધોવાનું લીકવીડ પી જતાં મૃત્યું

જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારના વ્રજવિહાર સોસાયટી, રામાપીરના મંદિર પાસે, બિલખા રોડ ખાતે રહેતા ભરમીબેન ભુરાભાઈ ઓડેદરાને છેલ્લા ઘણા વર્ષથી હૃદય તથા વાલ્વની બિમારી હોય જેથી કંટાળી પોતાની જાતે પોતાના ઘરે કપડા ધોવાનું લીકવીડ પી જતા તેઓનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે.

# જુની ધારીગુંદાળી મંડળીમાં રૂા.૨.૫૬ કરોડની ગેરરીતિ મામલે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ભેસાણ તાલુકાના જુનીધારી ગુંદાળી ગામની સેવા સહકારી મંડળીના પ્રમુખ, પુર્વ પ્રમુખ, મંત્રી અને જેડીસીસી બેંકની ભેસાણ શાખાના પુર્વ બ્રાન્ચ મેનેજરે મળીને રૂા.૨.૫૬ કરોડ જેટલી માતબર રકમની બેંક સાથે ગેરરીતિ આચાર્યની ફરિયાદ ભેસાણ પોલસ દફતરે નોંધાતા પુર્વ પ્રમુખ અને મંત્રીની ધરપકડ કરવામાં આવી છે. ભેસાણ તાલુકાના જુની ધારી ગુંદાળી ગામની સેવા સહકારી મંડળીના મંત્રી રોહિત અમૃતલાલ અમરસેડા, પુર્વ પ્રમુખ ધીરૂભાઈ ઘુસાભાઈ હુંમર, વર્તમાન પ્રમુખ રમેશભાઈ છગનભાઈ બાવીસીયા અને જેડીસી બેંકની ભેસાણ રામાણીએ મિલીભગત કરીને પોતાનો દુર ઉપયોગ કરીને નાણાકીય ગેરલાભ લેવાના બંધ ઈરાદે મંડળીના સભાસદ ખેડૂતો કે જેની લોન મંજુર થયેલ ન હોય તેવા ખેડૂતોને ખોટી રીતે ગેરકાયદેસર ધિરાણ આપી દીધેલ હતું. તેમજ સેંકડો ખેડૂત સભાસદોને લોન દસ્તાવેજ મેળવ્યા વિના કે લોન દસ્તાવેજોમાં લોન ખેડૂતોની સહીઓ કરાવ્યા વિના નાણાકીય ગેરલાભ મેળવવાના હેતુથી અધ્ધરો અધ્ધર આપી દઈને રૂા.૨.૫૬ કરોડની નાણાકીય ગેરરીતિ આચરીને નાણાનો પોતાના અંગત ઉપયોગ કર્યા બાબતની ઘટના જેડીસીસી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલને ધ્યાને આવતા તેઓએ ખેડૂતોના હિતમાં આકરો નિર્ણય લઈને પોલીસ ફરિયાદ નોંધાવાની સુચના આપતા ભેસાણ બ્રાન્ચના વર્તમાન મેનેજર દક્ષેશભાઈ સાતા ભેસાણ પોલીસ સ્ટેશનમાં રોહિત અમરસેડા, ધીરૂભાઈ હુંમર, રમેશભાઈ બાવીસીયા, રમેશ ડાયા રામાણી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેની તપાસ ભેસાણ પીએસઆઈ ડી.કે. સરવૈયા કરી રહ્યા છે.

## જૂનાગઢની એચડીએફસી બેંકના કર્મચારી સાથે રૂા.૭૭,૫૦૦ની છેતરપિંડી : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢની એચડીએફસી બેંકના એક કર્મચારી સાથે અજાણ્યા શખ્સો પાર્ટ ટાઈમ ઓનલાઈન કામગીરી કરવાની લાલચ આપીને વળતર આપવાના નામે ઓનલાઈન ૭૭,૫૦૦ની છેતરપિંડી થયેલ હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. જૂનાગઢમાં ખલીલપુર રોડ ઉપર શિવમ રેસિડેન્સીમાં રહેતા અને મોતીબાગ પાસેની એચડીએફસી બેંકમાં હોમ લોન વિભાગમાં નોકરી કરતા કર્મચારી જીજ્ઞેશ રાજેશભાઈ વેકરીયાને ૨૫ જુનના રોજ અજાણ્યા શખ્સો ફોન કરીને પાર્ટ ટાઈમ ઓનલાઈન કામગીરી કરી વળતર મેળવવાની લાલચ આપીને છ જેટલી આઈડી મોકલીને તેમાંથી ૭૭,૫૦૦ રૂપીયા ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.


**પસ્તીના ભાવમાં વધારો**

| વિગત | ભાવ કી. લોના |
|---|---|
| છાપાની પસ્તી સીધી કરેલ | ૧૫-૫૦ |
| સ્કુલ ચોપડા | ૧૫-૦૦ |
| સ્કુલ પેપર | ૧૫-૦૦ |
| કાર્ટુન ખાલી પુઠા | ૧૧-૦૦ |

**ગીતા પસ્તી ભંડાર**

રિલાયન્સ પંપ પાસે (નવાગઢ) જેતપુર, રાજકોટ હાઈવે

મો. ૭૫૭૫૦ ૭૧૭૪૬

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૯૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?

શું તમારો ધંધો મંદો ચાલે છે ?

શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?

શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**ૐ નેચર ક્યોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨